

# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

**સુવિચાર**
મૌનના ફળરૂપે પ્રાર્થના,
પ્રાર્થનાનું ફળ શ્રદ્ધા,
શ્રદ્ધાનું ફળ પ્રેમ અને
પ્રેમનું ફળ સેવા

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33 | વર્ષઃ ૦૨ અંક : ૩૪ તા.૨૧.૦૮.૨૦૨૪, બુધવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 34 Dt. 21-08-2024, Wednesday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# દુષ્કર્મ-હત્યા કેસ : સુપ્રીમ કોર્ટે બંગાળ સરકારની ઝાટકણી કાઢી !

**કોલકાત્તાની આર.જી.કર મેડિકલ કૉલેજમાં ડૉક્ટર પર થયેલા દુષ્કર્મ અને હત્યાને લઈને દેશભરમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તે વચ્ચે સુપ્રીમ કોર્ટે મમતા સરકારની ઝાટકણી કાઢી મોટો ઝટકો આપ્યો છે. કોર્ટે હૉસ્પિટલ અને મેડિકલ કૉલેજની સુરક્ષા CISFને સોંપી છે.બેન્ચે પશ્ચિમ બંગાળ સરકારને આકરા સવાલો કર્યા હતા. આ સાથે તપાસ દરમ્યાન પણ અનેક ચોંકવનારા તથ્યો સામે આવ્યા હતા.**

કોલકાત્તા, તા.૧૯

કોલકાત્તાની આર.જી. કર મેડિકલ કૉલેજમાં ડૉક્ટર પર થયેલા દુષ્કર્મ અને હત્યાને લઈને દેશભરમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વચ્ચે સુપ્રીમ કોર્ટે સ્વંય સજ્ઞાન લઇ આ મામલે સુનવણી હાથ ધરી હતી ત્યારે આજે સુપ્રીમે મંગળવારે પ્રથમ આ કેસની સુનવણી હાથ ધરી હતી જેમાં કોર્ટે બંગાળ સરકારને અનેક વેધક સવાલો પુછવા સાથે ઝાટકણી કાઢી હતી. ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડની બેન્ચે પશ્ચિમ બંગાળ સરકારને આકરા સવાલો કર્યા હતા. કોર્ટે કહ્યું હતું કે, ૭૦૦૦ લોકો હૉસ્પિટલમાં કેવી રીતે ઘૂસ્યા? કોલકાત્તા પોલીસ શું કરી રહી હતી?' સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, 'જો ડૉક્ટરો ૩૬ કલાક કામ કરે છે, તો તેમને સુરક્ષા આપવી જરૂરી છે. જો મહિલાઓને તેમના કાર્યસ્થળ પર સુરક્ષા ન મળે તો તેમના સમાનતાના અધિકારનું ઉલ્લંઘન છે.' આ ઉપરાંત કોર્ટે નેશનલ ટાસ્ક





ફોર્સની રચના કરવાની જાહેરાત કરી છે. તેમાં ૮ સભ્યો હશે. તેના સભ્યો કેબિનેટ સચિવ, ગૃહ સચિવ, આરોગ્ય સચિવ અને હોદ્દેદારો પણ હશે.સુપ્રીમ કોર્ટે કહ્યું હતું, કે 'પ્રિન્સિપાલે આ કેસને આપઘાત બતાવવાનો પ્રયાસ કર્યો? અને તેને બીજી જગ્યાએ પ્રિન્સિપાલ બનાવી દેવામાં આવ્યો? FIR કરવામાં પણ વિલંબ થયો. સાત હજાર લોકો હૉસ્પિટલમાં ઘૂસી ગયા તો પોલીસ શું કરી રહી હતી?' પશ્ચિમ બંગાળ તરફથી હાજર થયેલા વકીલ કપિલ સિબ્બલે કહ્યું હતું, કે 'તપાસ બાદ તરત જ FIR નોંધવામાં આવી હતી.'આ સાથે કોર્ટે તબીબોને કામ પર પરત ફરવા પણ આગ્રહ કર્યો હતો. તપાસ એજન્સીએ અત્યાર સુધીમાં ૬૦ લોકોની પૂછપરછ કરી છે, જેમાં ચેસ્ટ મેડિસિન વિભાગના ભૂતપૂર્વ વડા, મૃતકોના કેટલાક સહયોગીઓ અને ડ્રાઈવરો નો સમાવેશ થાય છે.સુપ્રીમ કોર્ટે સીજેઆઇ એ કહ્યું- ડોક્ટરોની સુરક્ષા વ્યવસ્થા સુધારવા માટે એક ટાસ્ક ફોર્સ બનાવવામાં આવી છે, એમાં ૯ ડોક્ટર ને સામેલ કરવામાં આવ્યા છે, તેઓ મેડિકલ પ્રોફેશનલ્સની સુરક્ષા, વર્કિંગ કંડિશન અને સુધારા માટે પગલાંની ભલામણ કરશે.કેન્દ્ર સરકારના પાંચ અધિકારીને પણ ટાસ્કફોર્સમાં સામેલ કરવામાં આવ્યા છે. કોર્ટે સીબીઆઇ પાસેથી ૨૨ ઓગસ્ટ સુધીમાં સ્ટેટસ રિપોર્ટ અને રાજ્ય સરકાર પાસેથી ઘટનાનો રિપોર્ટ માગ્યો છે. કેસની આગામી સુનાવણી ૨૨ ઓગસ્ટે થશે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિયેશન્સ એ નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરવાના સુપ્રીમ કોર્ટ ના નિર્ણયનું સ્વાગત કર્યું છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ૮ સવાલ કર્યા હતા જેમાં હોસ્પિટલની સુવિદ્યા-સુરક્ષા સહિતના મુદ્દાઓ સમાવેશ છે. આમ એક તરફ સુપ્રીમ આવા ગંભીર મામલે જાતે સજ્ઞાન લઇ કાર્યવાહી કરી રહી છે પરંતુ બીજી તરફ દેશના અલગદ-અલગ રાજ્યોમાં મહિલા અત્યાચારના કિસ્સાઓ સતત સામી આવી રહ્યા છે.

## ૧૦૦ યુવતી સાથે દુષ્કર્મ કેસમાં ૩૨ વર્ષે ચુકાદો

દેશમાં હાલમાં જ્યારે તાલિમી ડોક્ટર પર બંગાળમાં થયેલ દુષ્કર્મ અને હત્યાનો કિસ્સો ચર્ચામાં છે તે વચ્ચે દેશભરમાં ખળભળાટ મચાવનારા કેસમાં ૩૨ વર્ષે ચુકાદો આવ્યો છે. અજમેરના બ્લેકમેલ કાંડમાં અજમેરની સ્પેશિયલ કોર્ટ પોક્સો કોર્ટ નંબર ૨માં આરોપીઓની હાજરીમાં આ કેસની સુનાવણી હાથ ધરી હતી, જેમાં સાતમાંથી છ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. આ સાથે આરોપીઓને પાંચ-પાંચ લાખનો દંડ પણ ફટકારાયો છે.મંગળવારે સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં તમામ આરોપીઓનો દોષિત જાહેર કરાયા હતા. આરોપીઓમાં નફીસ ચિશ્તી, નસીમ ઉર્ફે ટારઝન, સલીમ ચિશ્તી, ઈકબાલ ભાટી, સોહિલ ગની, સૈયદ ઝમીર હુસૈનનો સમાવેશ થાય છે. આ છ આરોપીઓ વિરુદ્ધ ૨૩ જૂન-૨૦૨૧માં ચાર્જશીટ ફાઇલ કરવામાં આવી હતી. ત્યારબાદ ટ્રાયલ કોર્ટમાં જુલાઈ-૨૦૨૪માં સુનાવણી પૂરી થઈ હતી.વર્ષ ૧૯૯૨માં ૧૦૦થી વધુ કૉલેજ યુવતીઓ સાથે દુષ્કર્મ અને તેમના ન્યૂડ ફોટો લીક થઈ ગયા પછી દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. આ ઘટનામાં પોલીસે ૧૮ લોકોને આરોપી બનાવ્યા હતા, જેમાં નવ આરોપીની સુનાવણી પૂરી થઈ ગઈ હતી અને એક વ્યક્તિએ આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે એક આરોપી હજુ ફરાર છે, જેને કોર્ટે ભાગેડુ જાહેર કર્યો છે.ઘટનાક્રમની વાત કરીએ તો આરોપીઓએ એક પછી એક ઘણી યુવતીઓને બ્લેકમેલ કરી ફાર્મ પર બોલાવી દુષ્કર્મ કરતો રહ્યો હતો. એટલું જ નહીં આરોપીઓએ ભયાનકતાની તમામ હદો પાર કરી પીડિત યુવતીઓની તસવીરો પણ કેમેરામાં કેદ કરી હતી. તેણે ફોટાની રીલ પ્રિન્ટઆઉટ માટે કલર લેબમાં મોકલી હતી. યુવતીઓના ફોટા મળ્યા બાદ લેબમાં કામ કરતાં કર્મચારીઓએ આ ફોટો અનેક લોકોને મોકલી દીધા હતા. જે મામલે છ યુવતીઓએ તો આત્મહત્યા કરી લીધી હતી.

## ક્યારે અટકશે સીલસીલો : થાણેમાં યૌનશોષણ બાદ અરાજકતા

દેશભરમાં હાલ બંગાળની દુષ્કર્મ ઘટના બાદ મહિલાઓની સુરક્ષાને લઇને સવાલો ઉભા થઇ રહ્યા છે. કોર્ટ આ મામલે ગંભીર છે પંરતુ આ સીલસીલો ક્યારે અટકશે તે એક મોટો સવાલ છે. હાલમાં દેશભરમાં દુષ્કર્મ અને યૌનશોષણના અનેક મામલાઓ ચર્ચામાં છે અને સતત આવી ઘટનાઓ બની રહી છે તે વચ્ચે મહારાષ્ટ્રમાં થાણેના બદલાપુરની એક જાણીતી શાળામાં બે બાળકી પર યૌનશોષણ થયાની ઘટના સામે આવી છે. જેને લઈને ભારે વિરોધ થયો હતો શાળામાં બાળકીઓ પર યૌનશોષણ મામલે ગુસ્સે ભરાયેલા લોકોએ બદલાપુર રેલવે સ્ટેશનના પાટા પર ઊભા રહીને વિરોધ શરૂ કર્યો હતો. ઘણી ટ્રેનો રોકી દેવામાં આવી હતી. પોલીસે ભીડને કાબૂમાં લેવા માટે દેખાવકારો પર લાઠી ચાર્જ કર્યો હતો. પોલીસ પર પણ પથ્થરમારો કરવામાં આવ્યો હતો. બીજી તરફ લોકોએ શાળાની અંદર ઘૂસીને પ્રદર્શન કર્યું હતું અને તોડફોડ કરી હતી. આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી. ભારે દેખવાને કારણે અત્યાર સુધીમાં ૧૦ મેલ એક્સપ્રેસ ટ્રેનોને કર્જત-પનવેલ-થાણે સ્ટેશનને રસ્તે ડાયવર્ટ કરવામાં આવી છે. મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું, 'મેં બદલાપુરમાં બનેલી ઘટનાને ગંભીરતાથી લીધી છે. આ મામલામાં એક જ્યૂંની રચના કરવામાં આવી છે અને અમે જે સ્કૂલમાં આ ઘટના બની છે તેની સામે પણ કાર્યવાહી કરવાના છીએ. અમે આ કેસને ઝડપથી આગળ ધપાવવાની પ્રક્રિયામાં છીએ અને જો દોષિત સાબિત થશે તો કોઈને બક્ષવામાં આવશે નહીં.'

## સિક્કિમમાં ભારે ભૂસ્ખલન, તિસ્તા ડેમ પર બનેલું પાવર સ્ટેશન નાશ પામ્યું

પૂર્વ સિક્કિમમાં મંગળવારે સવારે ભારે ભૂસ્ખલન થયું હતું. આના કારણે રાજ્યમાં એક પાવર સ્ટેશન લગભગ સંપૂર્ણપણે નાશ પામ્યું હતું. છેલ્લા કેટલાક અઠવાડિયાથી અહીં નાના-મોટા ભૂસ્ખલનની ઘટનાઓ સતત બની રહી છે. જેના કારણે ૫૧૦ મેગાવોટ પાવર સ્ટેશનને અડીને આવેલ ટેકરી જોખમમાં મુકાઈ હતી. મંગળવારે સવારે પહાડીનો મોટો ભાગ સરકી ગયો અને નેશનલ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશનના તિસ્તા સ્ટેજ ૫ ડેમનું પાવર સ્ટેશન કાટમાળથી ઢંકાઈ ગયું. આ ઘટના પૂર્વ સિક્કિમના સિંગતમના દીપુ દારાની પાસે બાલુતારમાં બની હતી. નજીકની ટેકરી પરથી સ્થાનિક રહેવાસીઓ દ્વારા વિડિયો પર કેપ્ચર કરાયેલા ભૂસ્ખલનમાં મોટા પથ્થરો અને કાટમાળ પાવરહાઉસ તરફ ઝડપથી પડતા દેખાતા હતા, જેના કારણે વ્યાપક નુકસાન થયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈને ઈજા કે ઈજા થઈ નથી. સતત ભૂસ્ખલનને કારણે પાવર સ્ટેશનને થોડા દિવસો પહેલા ખાલી કરાવવામાં આવ્યું હતું. પાવર સ્ટેશનની નજીક કામ કરતા લોકો દ્વારા રેકોર્ડ કરવામાં આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ખડકનો એક ભાગ સરકી રહ્યો છે અને થોડા સમય પછી તેનો મોટો ભાગ પાવર સ્ટેશનની ટોચ પર આવી જાય છે. રહેવાસીઓના જણાવ્યા અનુસાર, સવારે ૭:૦૦ વાગ્યાની આસપાસ જે ભૂસ્ખલન થયું તે સંભવતઃ એનએચપીસી તિસ્તા સ્ટેજ V ટનલને કારણે થયું હતું.

## નવા સર્વેમાં ટ્રમ્પ કરતાં કમલા આગળ

અમેરિકાના ઉપપ્રમુખ અને ડેમોક્રેટિક પાર્ટીનાં પ્રમુખ પદ માટે ના ઉમેદવાર કમલા હેરિસ તેઓના રીપબ્લિકન પ્રતિસ્પર્ધી ડોનાલ્ડ ટ્રમ્પ કરતાં ટકાવારીમાં આગળ નીકળી ગયા છે. ૪૯ ટકા મતદારો હેરિસ તરફી છે, જ્યારે ટ્રમ્પ તરફે ૪૫ ટકા મતદારો છે. આ અંતર બહુ નથી પરંતુ શીકાગોમાં મળનારાં ડેમોક્રેટિક પાર્ટીનાં અધિવેશન પૂર્વે જ કમલાની આ બઢત મહત્વની તેમાં સ્થાનીક મડિયાના અહેવાલોને ટાંકીને આ જણાવાયુ હતુ કે ભલે આ ગાળો ૪ પોઈન્ટનો જ રહ્યો હોય પરંતુ તે નોંધનીય જરૂર છે. તેથી ચૂંટણી સ્પર્ધામાં ડેમોક્રેટ્સને પુષ્ટિ મળી છે. એક મહિના પૂર્વે ટ્રમ્પ સામેની વક્તૃત્વ સ્પર્ધામાં જો-બાયડેને કરેલા નિર્બળ દેખાવ પછી ડેમોક્રેટ્સ થોડા હતાશ થઇ ગયા હતા.હવે જો આ ગણતરીમાં થર્ડ પાર્ટીને પણ સાથે લેવામાં આવે તો પણ હેરીસ ટ્રમ્પ કરતાં ૩ પોઈન્ટ આગળ રહે છે. કમલા હેરીસ તરફે ૪૭ પોઈન્ટ છે, ટ્રમ્પને ૪૪ પોઈન્ટ મળે તેમ છે, જ્યારે રોબર્ટ એક કેનેડી (જુ.)ને પાંચ પોઈન્ટ મળે તેમ છે. જુલાઈમાં પરિસ્થિતિ હતી કે ટ્રમ્પને ૪૩ પોઈન્ટ મળ્યા હતા, બાયડેને માત્ર એક જ પોઈન્ટ પાછળ રહી ૪૨ પોઈન્ટ મેળવી શક્યા હતા જ્યારે કેનેડીને ૯ પોઈન્ટ મળ્યા હતા.

## રાજ્યસભાની પેટા ચૂંટણી માટે નવ ઉમેદવારો ભાજપે જાહેર કર્યા

રાજ્યસભાની ખાલી પડેલી બેઠકો માટે ટૂંક સમયમાં પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે. આ પેટાચૂંટણી માટે તમામ પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં ભાજપે મંગળવારે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.ભારતીય જનતા પાર્ટીએ વિવિધ રાજ્યોમાંથી કુલ ૯ ઉમેદવારો ની જાહેરાત કરી છે, જેમાં આસામ, બિહાર, હરિયાણા, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, રાજસ્થાન અને ત્રિપુરાનો સમાવેશ થાય છે.જેમાં આસામ - મિશન રંજન દાસ,આસામ - રામેશ્વર તેલી,બિહાર - મનન કુમાર મિશ્રા, હરિયાણા - કિરણ ચૌધરી,મધ્ય પ્રદેશ - જ્યોર્જ કુરિયન,મહારાષ્ટ્ર - ધ્યાનશીલ પાટીલ,ઓડિશા - મમતા મોહંતા,રાજસ્થાન - રવનીત સિંહ બિટ્ટુ,ત્રિપુરા - રાજીબ ભટ્ટાચારજી નો સમાવેશ થાય છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવે આ યાદી જાહેર કરી હતી. રાજ્યસભાને લઇને બેઠકો ઓછી આવ્યા બાદ તમામ રાજકીય પાર્ટી માટે રાજ્યસભામાં સંખ્યાબળ વધારવુ એક પડકાર છે. મંગળવારે ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં તેમના નામને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. હવે કિરણ ચૌધરી રાજ્યસભા પેટાચૂંટણી માટે ઉમેદવારી નોંધાવશે. આ પહેલા મંગળવારે સવારે જ કિરણે વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપી દીધું હતું.તે હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી બંસીલાલની વહુ છે. કિરણ તેની પુત્રી શ્રુતિને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસ તરફથી ટિકિટ ન મળવાથી નારાજ હતી.આ પછી તેઓ કોંગ્રેસ સાથેના સંબંધો તોડીને ભાજપમાં જોડાયા હતા.

## હોબાળા બાદ કેન્દ્રનો લેટરલ એન્ટ્રીથી સીધી ભરતી બંધ કરવા આદેશ

**યુનિયન પબ્લિક સર્વિસ કમિશન માં લેટરલ એન્ટ્રી વિવાદને લઈને વિપક્ષના વધતા દબાણ વચ્ચે મોદી સરકારે અધ્યક્ષને લેટરલ એન્ટ્રીથી સીધી ભરતી તાત્કાલિક ધોરણે બંધ કરવા માટે પત્ર લખ્યો છે.જેથી હવે સીધી ભરતી નહીં થાય**

નવીદિલ્હી,તા.૨૦

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન માં લેટરલ એન્ટ્રી વિવાદને લઈને દેશભરમાં ભારે હોબાળો થયો હતો ખાસ કરીને વિપક્ષે આ મુદ્દે અનેક સવાલો ઉઠાવ્યા હતા અને વિરોધ માટેની તૈયારી સાથે કેન્દ્ર સરકારને ઘેરવા માટે તૈયારી કરી હતી રાહુલ ગાંધી,અખીલેશ સહિત મોટા નેતાઓએ આ મામલે સરકારને આડેહાથ લીધી હતી તો ભાજપ પણ બચાવમા મેદાને ઉતર્યુ હતુ. જો કે હવે આ મામલે વિવાદ વધતા સરકારે અધ્યક્ષને લેટરલ એન્ટ્રીથી સીધી ભરતી તાત્કાલિક ધોરણે બંધ કરવા કહ્યુ છે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે યુપીએસસી અધ્યક્ષને પત્ર લખીને કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્દેશ પર સીધી ભરતી માટેની જાહેરાત પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.'કોંગ્રેસ ઉપરાંત ભાજપ ના સાથી પક્ષના નેતાઓ પણ આ મામલો ઉઠાવવા લાગ્યા હતા. કેન્દ્રમાં ટેકો આપનારા એલજેપી પાર્ટીના પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને પણ કહ્યું હતું કે કોઇ પણ સરકારી પદ પર અનામતનો અમલ કર્યા વગર ભરતી ના કરી શકાય, હું લેટરલ એન્ટ્રીનો મામલો કેન્દ્ર સરકાર સમક્ષ ઉઠાવીશ. તો અન્ય ભાજપના સાથી પક્ષના સભ્યોએ પણ સવાલો ઉઠાવ્યા હતા.યુપીએસસીએ ૧૭મી ઓગસ્ટના રોજ વિવિધ મંત્રાલયોમાં જોઈન્ટ સેક્રેટરી, ડાયરેક્ટર અને ડે. સેક્રેટરીના ૪૫ પદો પર ભરતી માટે જાહેરાત કરી હતી, જેમાં ૧૦ પદ જોઈન્ટ સેક્રેટરી જ્યારે ૨૫ પદ ડાયરેક્ટર, ડે. ડાયરેક્ટરના છે, આ ઉમેદવારોને પરીક્ષા વગર જ લેટરલ એન્ટ્રી દ્વારા પસંદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેને કારણે વિપક્ષ આરોપ લગાવી રહ્યો હતો કે સરકાર હવે અનામત વગર જ સીધી સરકારી ભરતી કરી રહી છે. જે બાદ રાહુલ ગાંધીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે નરેન્દ્ર મોદી સંઘ લોક સેવા આયોગના સ્થાને રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘ દ્વારા લોકસેવકોની ભરતી કરીને બંધારણ પર હુમલો કરી રહ્યા છે. કેન્દ્ર સરકારે તમામ મંત્રાલયોમાં મહત્વપૂર્ણ પદો પર લેટરલ એન્ટ્રી દ્વારા ભરતી કરીને ખુલ્લેઆમ એસસી, એસટી અને ઓબીસીની અનામત છીનવી લેવાનો પ્રયાસ છે.

### ભાજપ મેદાનમા આવ્યુ પણ....

ટરલ એન્ટ્રી અંગે વિવાદ વચ્ચે એનડીએ સાથી પક્ષના સભ્યો અને કોગ્રેસ વિરોધ માં મેદાને ઉતરતા ભાજપ પણ બચાવમાં આવ્યુ હતુ અને કોગ્રેસ પર પ્રહારો કર્યા હતા. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનું નિવેદન આવ્યું છે કે, કોંગ્રેસ લેટરલ એન્ટ્રી પર દેશને ગેરમાર્ગે દોરી રહી છે. વૈષ્ણવે કોંગ્રેસના શાસનમાં ડૉ. મનમોહન સિંહ અને મોન્ટેક સિંહ આહલુવાલિયાના લેટરલ એન્ટ્રીનો ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસ ભ્રામક દાવા કરી રહી છે. તેમ કહ્યુ હતુ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે સ્પષ્ટતા આપી કે નોકરશાહીમાં લેટરલ એન્ટ્રી કોઈ નવી વાત નથી. ૧૯૭૦ના દાયકાથી કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારો દરમિયાન લેટરલ એન્ટ્રી થઈ રહી છે અને ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહ અને મોન્ટેક સિંહ આહલુવાલિયા આવી પહેલોના મુખ્ય ઉદાહરણો છે.જો કે ભાજપના નેતાઓના નિવેદન વચ્ચે સરકારે જ ભરતી બંધ કરવાનો આદેશ આપ્યો છે.

## મંકીપોક્સના કેસ વધતાં કેન્દ્ર સરકાર એલર્ટ

**ભારતમાં મંકીપોક્સને લઈને સરકાર ગંભીર બની છે અત્યાર સુધી ૩૨ લેબોરેટરી ઉભી કરાઈ છે. બેઠકો યોજી લોકોને જાગૃત કરવા, બિમારી સામે લડવા સજ્જ થવા ચર્ચા કરાઈ હતી. વૈશ્વિક સ્તરે અત્યાર સુધી ૨૦૮ મોત ભારતમાં ચેકીંગ વધારાયુ**

ભારતમાં હજી સુધી મંકીપોક્સનો કોઈ કેસ ભલે નોંધાયો નથી.પરંતુ વિશ્વભરમાં મંકીપોક્સ ઝડપથી ફેલાઈ રહ્યો છે. જેના અંગે કેન્દ્ર સરકારે પણ એલર્ટ આપ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડા સચિવ પીકે મિશ્રાએ રવિવારે મંકીપોક્સ અંગે દેખરેખ અને સાવચેતી રાખવાની તૈયારીઓની સમીક્ષા કરવા ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. જેમાં કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ સ્થિતિ પર સતત દેખરેખ રાખી રહ્યા છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આફ્રિકાના ઘણાં ક્ષેત્રો માં મંકીપોક્સના કેસોની વધતી સંખ્યા અને ફેલાવોને ધ્યાનમાં લેતાં તેને જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી છે.બેઠક બાદ જણાવાયુ છે કે મંકીપોક્સની બીમારી સેલ્ફ લિમિટેડ હોય છે. જે બેથી ચાર સપ્તાહ સુધી રહે છે. જેમાં દર્દી આરોગ્ય સંભાળ અને સારવારથી સાજા થઈ જાય છે. લાંબો સમય મંકીપોક્સના દર્દી સાથે રહેવાથી તેનો ચેપ લાગી શકે છે.બિમારીની સંભાવના વચ્ચે ટેસ્ટ લેબોરેટરીના નેટવર્ક તૈયાર કરવામાં આવ્યા છે. હાલ ૩૨ લેબોરેટરી સજ્જ છે. બીમારી અટકાવવા અને સારવાર માટે મોટાપાયે જાગૃતિ પ્રસારિત કરવામાં આવશે. જેથી લોકોમાં આ બીમારી અંગે જાગૃતિ ફેલાય અને લક્ષણો દેખાતાં જ સારવાર શરૂ કરવામાં આવે. ડબ્લ્યુએચઓના એક અહેવાલ અનુસાર, ૨૦૨૨થી વૈશ્વિક સ્તરે ૧૧૬ દેશોમાં મંકીપોક્સના લીધે ૯૯૧૭૬ કેસો નોંધાયા છે, જેમાં ૨૦૮ મોત થયા હતા મંત્રાલયે અમેરિકા, આફ્રિકા, ખાડી દેશો ઉપરાંત પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવતા મુસાફરોમાં આ બીમારીનું ચેકિંગ વધાર્યું છે. મંકીપોક્સના લક્ષણો જણાતાં તાત્કાલિક ધોરણે પગલાં લેવા નિર્દેશ કર્યો છે.

## આજથી ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર : ૫ મહત્વના બિલ રજૂ કરાશે

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર ૨૧ ઓગસ્ટથી શરૂ થશે. ૨૧ થી ૨૩ ઓગસ્ટ દરમિયાન ચાલનાર આ સત્રમાં હવે અનેક મહત્વના બિલ રજૂ કરાશે. હાલ મળતી માહિતી પ્રમાણે આ ૩ દિવસ ચાલનારા ચોમાસું સત્રમાં કાળાજાદૂ અને ગુજરાત સ્પેશિયલ કોર્ટ બિલ રજૂ કરાશે. આ સાથે ભ્રષ્ટ અધિકારીઓ સામે કડક કાર્યવાહી માટેનું બિલ પણ રજૂ કરાશે. જોકે અન્ય બીજા કયા કયા બિલ રજૂ કરવામાં આવશે તે અંગે કોઈ ચોક્કસ માહિતી સામે આવી નથી. રાજ્યમાં અનેકવાર નકલી તાંત્રિકોને કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સાથે નકલી તાંત્રિકોએ વિધિના નામે બાળકીઓ અને મહિલાઓ પર દુષ્કર્મ ગુજાર્યાની પણ ઘટનાઓ સામે આવી ચૂકી છે. જોકે હવે આવા નકલી તાંત્રિકો માટે ચેતવણીજનક સમાચાર સામે આવ્યા છે. આ વખતે ૨૧ ઓગસ્ટથી શરૂ થનાર ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રમાં આ મામલે બિલ લાવવામાં આવશે.

૨૧ ઓગસ્ટથી ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર શરૂ થશે. આચોમાસું સત્રમાં મહત્વના બિલ રજૂ કરવામાં આવશે. વિગતો મુજબ ૩ દિવસ ચાલનારા ચોમાસું સત્રમાં ૫ બિલ રજૂ કરવામાં આવશે. જેમાં ખાસ કરીને કાળાજાદૂ અને ગુજરાત સ્પેશિયલ કોર્ટ બિલ રજૂ કરાશે. આ સાથે ભ્રષ્ટ અધિકારીઓ સામે કડક કાર્યવાહી માટેનું બિલ પણ રજૂ કરાશે. મહત્વનું છે કે, રાજ્યમાં જાણે ભ્રષ્ટ અધિકારોનો રાફડો ફાટ્યો હોય તેમ છાછવારે અનેક ઘટનાઓ સામે આવે છે. જેથી હવે તેને અંકુશમાં લેવા રાજ્ય સરકાર સતર્ક બની છે. ત્યારે વિપક્ષ નેતા અમિત ચાવડાએ ફરી એકવાર રાજ્યસરકાર પર આકરા પ્રહારો કર્યા છે. અમિત ચાવડાએ ૩ દિવસના બદલે ૧૦ દિવસના સત્રની માગ કરી છે.

અમિત ચાવડાએ કહ્યું કે, સરકાર ટૂંકા સત્રથી જનતાના મુદ્દાઓ પર ચર્ચા કરવા માગતી નથી.

## મહારાષ્ટ્રમાં ચુંટણી પહેલા નવાજુની તો થશે, ખેંચતાણ વચ્ચે વફાદાર નેતાનો પક્ષ પલટો

**ચૂંટણી પહેલા ભાજપ અને શિંદે જૂથ વચ્ચે સંઘર્ષ? ચાલી રહ્યો છે તેવા સવાલો ઉભા થઈ રહ્યા છે. પહેલા ટીકીટ વહેંચણીને લઈને અનેક વાતો વહેતી થઈ હતી હવે એક સાથે બે જુદા જુદા કાર્યક્રમો યોજાયાનો મામલો ચર્ચામાં આવ્યો છે. આ વચ્ચે મુંબઈના ભાજપ નેતા રવિ લાંડગે ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં શિવસેના (યુબીટી)માં સામેલ થવાના છે**

મુંબઇ,તા.૨૦

મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. તમામ પક્ષોએ જોરશોરથી ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ બધા વચ્ચે ચૂંટણી પહેલા ભાજપ અને શિંદે જૂથ વચ્ચે ટક્કર છે. બંને પક્ષો અલગ-અલગ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે, જેના કારણે મહાયુતિમાં ક્યાંક આંતરકલહ છે કે કેમ તે અંગે અટકળો લગાવવામાં આવી રહી છે.રક્ષા બંધન નિમિત્તે ભાજપ અને શિંદે જૂથે અલગ-અલગ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. શિંદે જૂથના નેતા પ્રદીપ શર્માની પત્ની સંકવતી શર્માએ મુખ્યમંત્રી એકનાથ શિંદેની હાજરીમાં એક કાર્યક્રમનું આયોજન કર્યું હતુ. બીજી તરફ, મુરજી પટેલે ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં એક અલગ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.આ રીતે અંધેરીમાં મહાયુતિના બે અલગ-અલગ કાર્યક્રમો થયા હતા.આવી સ્થિતિમાં મહાયુતિના બે લોકો એક જ બેઠક પર દાવો કરી રહ્યા છે. આવી સ્થિતિમાં અરાજકતાના સમાચાર અનિવાર્ય છે. જો કે, ભવિષ્યમાં વસ્તુઓ બદલાઈ શકે છે, કારણ કે ચૂંટણીની તારીખો હજુ જાહેર કરવામાં આવી નથી.આ ઉપરાંત ભાજપ અને શિંદે જૂથના ધારાસભ્યો, સાંસદો અને અધિકારીઓ 'મારી લડકી બહુ યોજના'ને પ્રોત્સાહન આપવા માટે અલગ-અલગ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે. આ યોજનાના પ્રચાર માટે ઘણી જગ્યાએ હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે. વિસ્તારો માં દરેક ઘરે રાખડીઓ મોકલવામાં આવી છે. ભાજપ મહિલા મોરચાની પહેલ પર, ફડણવીસને લાડકી બહુન યોજના માટે અભિનંદન આપવા માટે ૨૫ લાખ રાખડીઓ મોકલવામાં આવી છે. જો કે ચુંટણીની જાહેરાત શરૂ થઇ નથી પરંતુ રાજકીય ખેંચતાણ શરૂ થઈ છે.

### ભાજપના જૂના વફાદાર નેતાનો પક્ષ પલટો

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી અંગે રાજકીય ગતિવિધિઓ સક્રિય બની છે.ચૂંટણીની જાહેરાત પહેલાં જ પક્ષ-પલટાનો સિલસિલો શરૂ થઈ ચૂક્યો છે. મુંબઈના ભાજપ નેતા રવિ લાંડગે ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં શિવસેના (યુબીટી)માં સામેલ થવાના છે. રવિ લાંડગેએ પક્ષ પલટા અંગે પ્રતિક્રિયા આપી છે કે,શિવસેના બાળાસાહેબ ઠાકરેનો સ્થાપિત પક્ષ છે, જે હંમેશા અન્યાય વિરૂદ્ધ ઉભી રહે છે અને ગરીબોના હક માટે ઉભી રહે છે.રવિ લાંડગેએ વધુમાં કહ્યું કે બાળાસાહેબ ઠાકરેએ આ વિચારોના આધારે શિવસૈનિક પસંદ કર્યા હતા. અને તે શિવસૈનિકો આજે પણ તે વિચારો સાથે ઉભા છે. જ્યારે ઉદ્ધવ ઠાકરેની સાથે છેતરપિંડી થઈ,ત્યારે ધારાસભ્યો પણ છેતર્યા હતા. તેમ છતાં તેમનો પક્ષ લોકસભા ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો. શિવસેના એક એવો પક્ષ છે જે એક વિચાર ધારાને અનુસરે છે રવિ લાંડગે પરિવારના રાજકીય અનુગામી તરીકે ઉભરી આવ્યા હતા. રવિ લાંડગે ૨૦૧૭ની મ્યુનિસિપલ ચૂંટણીમાં ભાજપના કોર્પોરેટર તરી-કે બિનહરીફ ચૂંટાયા હતા. રવિ લાંડગે અને તેમનો પરિવાર પિંપરી-ચિંચવડના રાજકારણમાં ભાજપના સૌથી જૂના વફાદાર તરીકે ઓળખાય છે

## રેપ પીડિતા પર કલકત્તા હાઈકોર્ટની ટિપ્પણી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવીદિલ્હી,તા.૨૦

સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના વિવાદાસ્પદ નિર્ણયને રદ કરી દીધો છે જેમાં તેણે કિશોરીઓને તેમની જાતીય ઈચ્છા પર નિયંત્રણ રાખવાની સલાહ આપી હતી. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટ ના નિર્ણય સાથે અસંમતિ વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે આ મામલામાં વાંધો ઉઠાવ્યો હતો અને સુઓમોટો સંજ્ઞાન લીધું હતું. તમને જણાવી દઈએ કે હાઈકોર્ટે સગીર સાથે બળાત્કારના દોષિત આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો, જ્યારે નીચલી અદાલતે તેને સજા સંભળાવી હતી.

સગીર સાથે બળાત્કારના કેસમાં, કલકત્તા હાઈકોર્ટે ૧૮ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજના તેના આદેશમાં કહ્યું હતું કે કિશોરાવસ્થાની છોકરીઓએ 'યૌન ઈચ્છાઓ નિયંત્રિત કરવી' જોઈએ. કોર્ટે કહ્યું કે 'જ્યારે તેઓ બે મિનિટ આનંદ માટે આ કરે છે, ત્યારે તેઓ સમાજની નજરમાં હારેલા સાબિત થાય છે.' હાઈકોર્ટે કહ્યું હતું કે આરોપી અને પીડિતા વચ્ચેનો સંબંધ સહમતિથી હતો.

હાઈકોર્ટે આરોપીને સગીર સાથે શારીરિક સંબંધ રાખવાના આરોપમાંથી મુક્ત કર્યો હતો. પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં એક છોકરાએ સગીર છોકરી સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. જ્યારે આ સંબંધ બન્યો ત્યારે છોકરીની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હતી. બાદમાં બંનેએ પ્રેમલગ્ન કરી લીધા હતા. સપ્ટેમ્બર ૨૦૨૨ માં, જિલ્લાની એક સેશન્સ કોર્ટે છોકરા ને સગીર છોકરી સાથે શારીરિક સંબંધ બાંધવા માટે દોષી ઠેરવ્યો અને તેને સજા ફટકારી. આ પછી મામલો કલકત્તા હાઈકોર્ટ પહોંચ્યો.

જસ્ટિસ ચિત્તરંજન દાસ અને પાર્થસારથી સેનની બેન્ચે ચુકાદો સંભળાવતા કહ્યું કે બંને સગીરોએ સહમતિથી સેક્સ કર્યું હતું. હાઈકોર્ટે કહ્યું કે 'આપણે ક્યારેય એવું ન વિચારવું જોઈએ કે માત્ર એક છોકરી જ દુર્વ્યવહારનો ભોગ બને છે, કારણ કે છોકરાઓ પણ દુર્વ્યવહારનો ભોગ બને છે.

ન્યુઝ4કચ્છ 'વાત કચ્છીયતની'

ન્યૂઝ ફોર કચ્છ દૈનિક
WEDNESDAY 21-08-2024

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે-પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. શું કરવું એ બાબતે તમે જો સરમુખ્યત્યાર જેવું વર્તન કરશો તો તમારા પ્રેમી-પ્રેમિકા સાથે તમને ગંભીર સમસ્યાઓ થશે. કાર્યક્ષેત્ર માં કોઈ પ્રતિસ્પર્ધી આજ તમારા વિરુદ્ધ ષડયંત્ર રચી શકે છે, તેથી આજે તમને સાવચેત રહી ને કામ કરવા ની જરૂર છે. તમારો સમય અને શક્તિ અન્યોની મદદ કરવામાં ફાળવો-પણ તમારી સાથે સંબંધ ન હોય તેવી બાબતો સાથે સંકળાતા નહીં.

**વૃષભ :**
આજે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધ પાત્ર લાભ મળશે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે. આજે તમે પ્રેમની પીડા અનુભવશો. લઘુ ઉદ્યોગ કરનારા આ રાશિ ના જાતકો ને આજે ખોટ થયી શકે છે. જોકે તમારે ઘબરાવ ની જરૂર નથી જો તમારી મહેનત સાચી દિશા માં છે તો તમને સારા ફળ જરૂર મળશો એકાંત માં સમય પસાર કરવો સારું છે પરંતુ જો તમારા મન માં કંઈક ચાલતું હોય તો લોકો થી દૂર રહી ને તમે વધુ પરેશાન થઈ શકો છો.

**મિથુન :**
આજે તમારા સ્વભાવને થોડો અંકુશમાં રાખોજો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે. મોકળાશભર્યું મન અને કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ ત્યજીને તમે તેમાંથી બહાર આવી શકો છો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી, કેમ કે તમે એકમેકને એકબીજાના પ્રેમમાં જ અનુભવો છો. તમારા બૉસ નોંધ લે એ પૂર્વે બાકી રહેલા કાયર્યો પૂરાં કરો. સમય નો સારો ઉપયોગ કરવા નું શીખો. જો તમારી પાસે મફત સમય છે, તો કંઈક રચનાત્મક કરવા નો પ્રયાસ કરો.

**કર્ક :**
આજના દિવસે તમારી આશા કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશબુઓની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો. આજે તમારી કલાત્મક તથા રચનાત્મક આવડત લોકોની સરાહના આકર્ષશે તથા તમને અપેક્ષાથી વધારે વળતર અપાવશે. આજે તમે ઘર ના નાના સભ્યો સાથે પાર્ક અથવા શોપિંગ મોલ માં જઈ શકો છો.

**સિંહ :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે. કામના સ્થળે આકાર લઈ રહેલા ફેરફારથી તમને લાભ થશે. આજે તમે તમારા જીવનસાથી સાથે સમય વિતાવવા અને તેમને ક્યાંક ફરવા લયી જવા માટે નું વિચારી રહ્યા છો, પરંતુ તેમની તબિયત ખરાબ હોવા ને કારણે આવું થશે નહીં.

**કન્યા :**
આજે તમારી પત્ની તમારો ઉત્સાહ વધારશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે. તમારો દિવસ તમારા પ્રિયપાત્રના હાસ્ય સાથે શરૂ થશે તથા તેનો અંત એકમેકના સપનાંમાં થશે. આજે નવી ભાગીદારી આશાસ્પદ ઠરશે. દરેક કાર્ય ને સમય પર પૂર્ણ કરવું ઠીક હોય છે, જો તમે આ કરો છો, તો તમે તમારા માટે પણ સમય શોધી શકો છો. જો તમે આવતી કાલે દરેક કાર્ય મુલતવી રાખશો, તો તમે તમારા માટે ક્યારેય સમય કાઢવા માટે સમર્થ નહીં હોવ. હાલના દિવસોમાં જીવન તમારી માટે મુશ્કેલ રહ્યું છે, પમ અઆજે તમે તમે તમારી જાતને તમારા જીવનસાથીના સ્વર્ગમાં જોશો.

**તુલા :**
આજના દિવસે લોકોને સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમને આ-કર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપ ટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે. દિવસ સરસ છે, આજે તમારા માટે સમય કાઢો અને તમારી ખામીઓ અને ખૂબીઓ જુઓ. આ તમારા વ્યક્તિત્વ માં સકારાત્મક પરિવર્તન લાવશે. તમારાજીવનસાથી આજે તમારી માટે કશુંક ખરેખર ખાસ કરશે.

**વૃશ્ચિક :**
આજે તમારો હકારાત્મક દષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો. આનાથી તમે ન માત્ર દબાણમાંથી મુક્ત થશો બલ્કે તમારો ખચકાટ પણ દૂર થશે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો. તમારા બૉસ નોંધ લે એ પૂર્વે બાકી રહેલા કર્યો પૂરાં કરો. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો, પરંતુ બાકી ના દિવસોની જેમ, આ યોજના પણ અટકાયેલી રહેશે. આજે કામના સ્થળે તમારા ઉપરી (બૉસ) તમારા વખાણ કરે એવી શક્યતા છે.

**ધન :**
આજે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે. તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. એક નવો આર્થિક સોદો પ ાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. તમારી માટે પ્રેમ પવનમાં છે. તમારે માત્ર તમારી આસપાસ જોવાની જરૂર છે, બધું જ ગુલાબી દેખાશે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. જે લોકો છેલ્લા કેટલાક દિવસો થી ખૂબ જ વ્યસ્ત હતા, તેઓને આજે પોતાના માટે મફત સમય મળી શકે છે. આજે તમારૂં લગ્નજીવન સુંદર વળાંક લેશે.

**મકર :**
આજના દિવસે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે. તમારી આવડત દેખાડવાની તક આજે તમારી સાથે આવશે. તમને આજે ઘર ની એક જૂની વસ્તુ પડેલી જોવા મળે છે, જે તમને તમારા બાળપણ ના દિવસો ની યાદ અપાવે છે અને તમે તમારો દિવસ ઘણી ઉદાસી સાથે એકલા પસાર કરી શકો છો. વધારે પડતી અપેક્ષાઓ તમને આજે લગ્નજીવનમાં દુઃખ તરફ દોરી જાય એવી શક્યતા છે.

**કુંભ :**
આજે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને વધુ પ્રાથમિકતા આપજો. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે। સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. પ્રેમ એ તમારા પ્રિયપાત્ર સાથે અનુભવવાની તથા શૅર કરવાની લાગણી છે. સખત મહેનત અને ધીરજ દ્વારા તમે તમારા ધ્યેયની પ્રાપ્તિ કરશો. તમે આજે કેવું અનુભવો છો તે અન્યોને જણાવવા ઉતાવળા ન બનો. બધા જ ઝઘડા અને ગેરસમજ બાજુ પર મુકી તમારા જીવનસાથી તમને પ્રેમથી આલિંગન આપશે ત્યારે જીવન ખરેખર ઉત્સાહથી સભર હોવાનું તમને વાગશે.

**મીન :**
આજે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. કેટલાક માટે નવો રૉમાન્સ ચોક્કસ જણાય છે-તમારો પ્રેમ તમારા જીવનને ખીલવશે. સહકર્મચારીઓ અને તમારા હાથ નીચે કામ કરતા લોકો ચિંતા તથા તાણની ક્ષણો ઊભી કરી શકે છે. કોઈ પણ બિનજરૂરી કામ માટે આજે તમારો ફ્રી સમય બગડી શકે છે. તમારા જીવનસાથી આજે તમને ખુશ કરવા માટે ખાસ જહેમત લેશે.

# હવે સુરખાબ પણ સુરક્ષીત નહી... લોડાઈમાં વીજ કરંટથી મોત

**કચ્છમાં ઉર્જા ક્રાન્તિ વિકાસની સાથે પક્ષીઓ તથા કચ્છની કુદરતી સપંદા માટે નુકશાનકારક બની હોવાના અનેક કિસ્સાઓ વચ્ચે હવે રાષ્ટ્રીય પક્ષી મોર બાદ સુરખાબનુ પણ વિજશોકથી મોત થયાનો બનાવ સામે આવતા પક્ષીવિદોમાં આક્રોશ ફેલાયો છે**

રાપર, તા.૨૦
કચ્છમાં ઉર્જા ઉત્પાદનના વિકાસના નામે અગાઉ અનેક કિસ્સાઓ સામે આવ્યા છે જેમાં વિજલાઈનમાં રાષ્ટ્રીય પક્ષી મોર,આરક્ષીત એવા ગ્રેટ ઈન્ડીયન બસ્ટર્ડ સહિતના પક્ષીઓના મોત થઈ ચુક્યા છે ત્યારે લોડાઈમાં વિજકરંટ લાગતા હવે સુરખાબનુ મોત થયુ છે. જેને લઈને પક્ષીવિદોમાં રોષ ફેલાયો છે. ભુજ નજીકના લોડાઈ ગામની સિમમાં ગેટકોની હાઈ વોલ્ટેજ લાઈનમાં ટકરવાથી સુરખાબ પક્ષીના મોતનો બનાવ બન્યો હતો. જે બાદ પૂર્વ વનવિભાગ દ્વારા પક્ષીનો મૃતદેહ હસ્તગત કરી પોસમોર્ટમ સહિતની કાર્યવાહી સાથે વધુ તપાસ હાથ




ધરવામાં આવી હતી ખાનગી ખેતરમાં ઉભી કરાયેલી આ લાઈનમાં સ્થાનીક લોકોના ધ્યાને આવ્યા બાદ આ અંગે તંત્રને જાણ કરાઈ હતી જે બાદ તંત્રએ તપાસ આરંભી છે. સુરખાબ પક્ષીના મૃત્યુ અંગે અધિકારીઓએ જણાવ્યું હતું કે લોડાઈ નજીક ગેટકો કંપનીની પસાર થતી વિજ લાઈનમાં કોઈ કારણોસર ટકરવાથી અથવા કરંટ લાગવાથી સુરખાબ પક્ષીનું મૃત્યુ થયું હોવાનું ધ્યાને આવતા ઘટનાસ્થળે પહોંચી પક્ષીના મૃતદેહને ભુજના પશુ ચિકિત્સાલય ખાતે પોસમોર્ટમ માટે લઈ અવાયો છે જ્યા રીપોર્ટ આવ્યા બાદ મૃત્યુનું સચોટ કારણ સામે આવશે સાથે બાદમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે કચ્છમાં અત્યાર સુધી રાષ્ટ્રીય પક્ષી મોરના અનેક મોતના કિસ્સાઓ બની ચુક્યા છે. તેવામા હવે કચ્છમાં હજારોની સંખ્યામાં આવતા સુરખાબના મોતથી સમગ્ર કચ્છમાં અરેરાટી ફેલાઈ છે. જો કે સુરખાબના મોત અંગે હવે વનવિભાગ શુ કાર્યવાહી કરે છે તે જોવુ રહ્યુ.

**હાલ કેશોદ ખાતે ફરજ બજાવતા પોલીસ અધિકારી બીપીન ઠક્કરે ગુજરાત પોલીસને ગૌરવ અપાવ્યું**

# ભચાઉના વતની નાયબ પોલીસ અધિક્ષકને રાષ્ટ્રપતિ એવાર્ડથી નવાજવામાં આવ્યા

રાપર તા.૨૦
કચ્છના ભચાઉ શહેરના વતની અને હાલ જુનાગઢ જિલ્લાના કેશોદ ખાતે નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા બીપીન સી.ઠકકરને રાજયના પચ્ચીસ પોલીસ અધિકારીઓ સાથે પોલીસ તંત્ર માટે ગૌરવ સમાન રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. પીએસઆઇ તરીકે ભરતી થયેલા બી.સી.ઠકકરે



રાજય ના જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી અનેક ગુનાઓના ભેદ ઉકેલ્યા છે, અને પ્રમોશન મેળવી હાલ કેશોદ ખાતે વિભાગીય પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમણે બેચલર ઓફ કોમર્સ અને એલ.એલ.બી સુધીનો અભ્યાસ કર્યો છે, તેઓ વર્ષ ૧૯૯૩માં નિઃશસ્ત્ર પોલીસ સબ-ઈન્સ્પેક્ટર તરીકે પોલીસ વિભાગમાં જોડાયા હતા,પોલીસ ટ્રેનિંગ કૉલેજ, જૂનાગઢમાંથી તાલીમ લીધી છે. જૂનાગઢ ખાતે વિભાગીય તાલીમ પૂર્ણ કર્યા બાદ, તેમની ક્ષમતાને ધ્યાનમાં રાખીને, તેમને જિલ્લા પંચમહાલ, ગોધરા શહેરમાં પ્રોબેશનરી નિઃશસ્ત્ર પોલીસ સબ-ઈન્સ્પેક્ટર તરીકે પ્રથમ નિમણૂક આપવામાં આવી હતી જે સાંપ્રદાયિક સંવેદનશીલતા માટે જાણીતો જિલ્લો છે. તેઓએ ટીમ ભાવના અને તપાસ પ્રત્યેની તીવ્ર નિષ્ઠા જેવા ગુણો દર્શાવ્યા જેના પરિણામે તેઓએ સાંપ્રદાયિક અને અસામાજિક તત્વો પર અંકુશ મેળવ્યો અને શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દનો દાખલો બેસાડવામાં સફળતા મેળવી હતી, રાજ્યમાં જુદા જુદા સ્થળોએ બજાવેલી ફરજ દરમ્યાન તેમના નામે અનેક સફળ સિધ્ધિઓ નોંધાયેલી છે, તે પૈકીની કેટલીક જોઈએ તો,

» રાજકોટ સિટી પોલીસ યુનિટમાં ફરજ દરમિયાન, તેમની તપાસ કુશળતા અને અવલોકન કૌશલ્યને કારણે, રાજકોટમાં દફનાવવામાં આવેલ એક અજાણી લાશ ની ઓળખ પ્રસ્થાપિત કરવામાં અને ગુનેગારોને શોધી કાઢવામાં સફળ થયા અને ખૂબ જ ટૂંકા ગાળામાં ધરપકડ કરી જેના માટે તેમને જનતા તેમજ વરિષ્ઠ અધિકારીઓ તરફથી પ્રશંસા મળી હતી તેમની સક્રિયતા અને કામ કરવાના વલણને ધ્યાનમાં રાખીને, તેમની નિમણૂંક પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ, રાજકોટ શહેરમાં કરવામાં આવી હતી, જુગાર, અનૈતિક વેપાર, ગેરવસૂલી, ચોરી, લૂંટ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ૮૭ જેટલા ગુનેગારોને જેલમાં ધકેલી દેવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

» અંગત બાતમીદારોની માહિતી સાથે, રાજકોટનીઆંગડિયાપેઢીમાંલૂંટનાકાવતરાનેપારપાડેતે પહેલા જ તેઓએ સાત લૂંટારુઓને ઘાતક હથિયારો સાથે પકડી પાડ્યા હતા. અને તેઓની પૂછપરછ દરમિયાન અન્ય જિલ્લાઓમાં પેટ્રોલ પંપની લૂંટ કર્યાની માહિતી મેળવી હતી.

» ઠક્કર તેમની તકેદારી અને અવલોકનક્ષમતા દર્શાવી અને પેટ્રોલિંગ દરમિયાન રૂ.૫૦ લાખની કિંમતની સ્ટીલ પ્લેટ રોલ ટ્રકની લૂંટમાં સામેલ આરોપીઓએ હત્યા કરી હતી સુરત શહેર વિસ્તારમાં હત્યારાઓની ધરપકડ કરી આરોપીઓ પાસેથી બે રિવોલ્વર અને છ કારતૂસ મળી આવ્યા હતા આ પ્રદર્શન માટે તેની પ્રશંસા કરવામાં આવી હતી.

» ઠક્કરને વર્ષ-૨૦૦૭માં પોલીસ ઈન્સ્પેક્ટર તરી-કે બઢતી આપવામાં આવી અને તેમની પ્રામાણિકતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠાને ધ્યાનમાં લઈને રાજ્યની ભ્રષ્ટાચાર વિરોધી શાખામાં તેમની નિમણૂક કરવામાં આવી જ્યાં ભ્રષ્ટાચારના લગભગ ૨૦ સફળ ટ્રેપો ડીકોય કેસ મળ્યા, ઉપરાંત ૧૫ એન્ટી કરપ્શન કેસમાં અન્ય અધિકારીઓને મદદ કરી હતી.

» સુરત જિલ્લામાં એસ.ઓ.જી. બ્રાન્ચમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે કૌશલ્ય, નિષ્ઠા અને બહાદુરી માટે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી દ્વારા પ્રશંસા પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

» ઓગસ્ટ-૨૦૧૫ માં નાયબ પોલીસ અધિક્ષક, ગોધરા ખાતે બદલી કરવામાં આવી હતી જ્યાં તેમને ડિવિઝનલ ઓફિસર હાલોલનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો,પાવાગઢની ખીણમાં એક યુગલ ફસાયું હોવાની માહિતી મળતાં તેઓ ટીમ સાથે ખૂબ જ ઓછા સમયમાં ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને દંપતીને બચાવી લીધા હતા. તેમજ હાલોલ શહેર વિસ્તારમાં આગ લાગતા લોકોને બચાવવાનું બહાદુરીભર્યું કાર્ય કર્યું હતું. જે બદલ કલેકટરપંચમહાલ દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

» વર્ષ ૨૦૧૮માં ઠક્કર સુરત શહેરમાં આવ્યા, સુરત કતારગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૨ કરોડની કિંમતના હીરાની લૂંટની ઘટનામાં ક્રાઈમ બ્રાંચ પાસે રહી હતી અને ૧૨ કરોડના હીરા કબજે કર્યા હતા અને ૭ આરોપીઓની ધરપકડ કરી હતી, ગુજરાત રાજ્ય મુખ્યમંત્રી દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

» કેશોદ તેમના કાર્યક્ષેત્રમાં એક સગીર બાળકી પર બળાત્કાર કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ.૧૫ લાખનું વળતર અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

» તેમના લાંબા કાર્યકાળ દરમિયાન તેમણે લગભગ તમામ ક્ષેત્રોમાં વરિષ્ઠ અધિકારીઓ પાસેથી રૂ.૧,૧૭,૯૭૫ની કુલ રોકડ CN એકત્ર કરી છે તેમજ ૧૩૬ પ્રશંસાપત્રો અને ૩૪૪ ઈનામો પ્રાપ્ત કર્યા છે જે તેમની કાર્યક્ષમતા દર્શાવે છે. તેઓ કોઈપણ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં ફરજ બજાવવા સક્ષમ છે.

# અંજારમાં બ્રહ્મ સમાજના મહાપર્વ પર યજ્ઞોપવિત્ત ધારણ વિધિનું આયોજન

**સમાજની એકતા વધારવા આયોજીત કાર્યક્રમ આજથી નહી પરંતુ ઈ.સ.૧૯૮૬ થી આયોજીત થાય છે જેમાં બ્રહ્મ સમાજ ઉપરાંત અન્ય સમાજના લોકો પણ જોડાય છે. આયોજન સમિતી સહિત આગેવાનોનુ આયોજન બદલ સન્માન કરી મહાપર્વની ઉજવણી કરાઈ**

અંજાર, તા.૨૦
અંજારમાં બ્રહ્મ સમાજના મહાપર્વ પર યજ્ઞોપવિત્ત ધારણ વિધિનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં બ્રહ્મ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ ઉપરાંત શાસ્ત્રોક્ત વિધિ સાથે જનોઈ બદલાવવા ઈચ્છતા ઈતર સમાજના લોકો પણ જોડાયા હતા.આ કાર્યક્રમના આચાર્ય પદે દેવેન કનકચન્દ્ર વ્યાસ અને ઉપાચાર્ય પદે ભાસ્કર સોમનાથ દવે રહ્યા હતા.શાસ્ત્રોક્ત વિધિ સાથે ગણપતિ પૂજન, દેવ, ઋષિ, પિતૃ, મનુષ્ય તર્પણ અને સપ્ત ઋષિ પૂજન કરી ભૂદેવોએ નૂતન યજ્ઞોપવિત્ત ધારણ કરી હતી.બ્રહ્મ સમાજમાં એકતા વધે અને સૌ સાથે મળી આ મહાપર્વની ઉજવણી કરે તેવા હેતુસર ઈ.સ.૧૯૮૬ થી સ્વામી વિવેકાનંદ વિદ્યાર્થી ભવન ના પ્રમુખ રાજેન્દ્ર શાંતિલાલ દવે એ આ પર્વની સમૂહમાં ઉજવણી કરવાની શરૂઆત કરી હતી. અને આ પરંપરા જાળવી રાખવા બદલ શ્રીમાળી બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ સુરેશ.એસ.દવે એ તેમનું હાર પહેરાવી શાલ વડે સન્માન કર્યું હતું.આ પ્રસંગે વક્તવ્ય આપતા સંસ્થાના પ્રમુખ રાજેન્દ્ર.એસ. દવે એ જણાવ્યું હતું કે, સમાજમાં એકતા આવે અને સમાજનું સંગઠન મજબૂત બને તેમ જ સનાતન ધર્મના અને બ્રહ્મ સમાજના આ મહાપર્વમાં સૌ સાથે મળી બળેવની ઉજવણી કરે તે અત્યંત જરૂરી છે. વધુને વધુ લોકો તેનો લાભ લે.તેવી અપિલ પણ કરી હતી અગાઉ સ્વ જય શંકર શાસ્ત્રી,સ્વ.નટવરલાલ દવે (નટુ મહારાજ) અને પરમ શ્રધ્ધેય કનકચંદ્ર છગનલાલ વ્યાસ જેવા વિદ્વાનો આચાર્યો દ્વારા નિસ્વાર્થ ભાવે સમાજના આ કાર્યમાં સેવા આપેલ છે



તે અવિસ્મરણીય રહેશે.જામનગરના પી.એસ.આઈ. નિલેશ જોશી એ સંસ્થાના પ્રમુખ રાજેન્દ્ર દવેને આ મોટું આયોજન કરવા બદલ ધન્યવાદ આપ્યા હતા.મોરબી બ્રહ્મ સમાજના ભાસ્કર દવે જણાવ્યું હતું કે, મારા જીવનની આ યાદગાર પળ રહેશે. આટલી મોટી સંખ્યામાં ભૂદેવો સાથે મળી બળેવની ઉજવણી કરે ત્યારે ગૌરવની લાગણી અનુભવાય છે.આચાર્ય પદેથી દેવેન વ્યાસે જણાવ્યું હતું કે, બ્રહ્મ સમાજની સાથે ક્ષત્રિય કે રઘુવંશી સમાજ પણ જોડાઈને નૂતન યજ્ઞોપવિત ધારણ કરે તે ખૂબ જ આનંદની વાત છે. રાજેન્દ્ર દવે સહિતના મુરબ્બીઓ તરફથી જે પ્રેમ અને પ્રોત્સાહન પ્રાપ્ત થયા છે તે બદલ ધન્યતા અનુભવું છું.કાર્યક્રમનું સંચાલન ચેતન રાવલ એ કર્યું હતું.અને આભાર વિધિ સુરેશ.એસ. દવેએ કરી હતી.કાર્યક્રમને સફળ બનાવવા ભુપેન્દ્ર પંડ્યા,દિવ્યેશ દવે, ચેતન.એમ. રાવલ, કમલેશ અબોટી,સુરેશ દવે, કુશ મનીષ દવે, મનોજ. એચ. અબોટી, નિશાંત ડી. સોરઠીયા, મયુર આર.મજેઠીયા, કેતન ઉપાધ્યાય,વગેરે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં સમાજના વિવિધ આગેવાનો અને લોકો મોટી સંખ્યામા જોડાયા હતા.

# આ ગામે સ્વ ખર્ચે ત્રણ પ્રવાસી શિક્ષકો રાખી અનોખું કાર્ય કર્યુ



ગાગોદર તા.૨૦
કચ્છમાં શિક્ષકોની ઘટ વચ્ચે ગાગોદર ગામે દાતાઓના સહયોગથી ત્રણ પ્રવાસી શિક્ષકો રાખી બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટેનુ કાર્ય કરાયુ છે. સમગ્ર રાપર તાલુકાની હાઈસ્કૂલમા હાલે સરકારી શાળાઓમાં શિક્ષક ઘટનો પ્રશ્ન છે ત્યારે.. ગાગોદર ગામમા હાલમાંજ દાતા ઓ દ્વારા. બે મહિનાનો ધોરણ ૯ થી ૧૨. માટે ૩ પ્રવાસી શિક્ષક રાખી બાળકો નું ભવિષ્ય ના બગડે એટલા માટે ઉમદા કાર્ય કરવામા આવ્યું. છે ૧૫ ઓગસ્ટના દિવસે શિક્ષણ માટે અનુદાન આપનાર દાતાઓનું ભવ્ય સન્માન કરવામા આવ્યું હતુ જેમાં માતુશ્રી. દિવાળી વીરજી ગાલા,ભીમજી ઈસાસરિયા પટેલ, બળવંતસિંહ રાઠોડ(રાજપૂત) નો સમાવેશ થાય છે. દાતાઓ નું સન્માન ગાગોદર સરપંચ સોની સોમા વાઘેલા, ઉપ સરપંચ બાઉ દેવા ભરવાડ. તેમજ પંચાયત ના સભ્યો માયા વાઘેલા, કમા ગોહીલ,રમેશ સુથાર,ગાગોદર હાઈસ્કૂલ સ્ટાફ તરફથી સુરેશ ચૌધરી તેમજ કુમાર શાળા તેમજ કન્યા શાળા સ્ટાફ તરફ થી કરવામાં આવ્યુ હતુ સાથે ગાગોદરના આગેવાનો અનોપ સિંહ જાડેજા, પૂર્વ સરપંચ વીરજી મોર,પૂર્વ ચરમેન જિલ્લા પંચાયત દેવા ભગત,હરેશ મહારાજ, પૂર્વ સદસ્ય ગ્રામ પંચાયત,પૂર્વ ફોજી પ્રવીણસિંહ રાજપૂત તેમજ યુવા કાર્યકર અશ્વિન ઠકકર દ્વારા વિશિષ્ટ સન્માન કરવામા આવ્યું હતુ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અશ્વિન ઠક્કર દ્વારા કરાયુ હતુ અને સમગ્ર ગ્રામજનો આ પહેલ કરનાર દાતાના સન્માન માટે ઉપસ્થિત રહ્યા હતા.

# હિન્દુઓ પર વધતા અત્યાચારના વિરોધમાં મુન્દ્રામાં રેલી,આવેદન



**તાજેતરમાંજ બાંગ્લાદેશમાં ચાલી રહેલા હિંસક પ્રદર્શન દરમ્યાન હિન્દુઓને ટાર્ગેટ કરાતા ભારતમાં પણ તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે ત્યારે ભુજમાં સંતોએ આવેદન આપ્યા બાદ મુન્દ્રામાં ખારવા સમાજે રેલી કાઢી આવેદન આપ્યુ**

મુન્દ્રા ખારવા સમાજ દ્વારા વિશ્વમાં હિન્દુ સમાજના ભાઈઓ પર અત્યાચાર અને નર સંહાર અટકાવવા માટે મુન્દ્રા મામલતદાર કચેરીએ આવેદન પત્ર પાઠવ્યું હતું આવેદનપત્રમાં કરાયેલ રજૂઆત મુજબ મુન્દ્રા ખારવા સમાજના પ્રમુખ રાજેશ કષ્ટા એ જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં છેલ્લા પખવાડિયાથી હિંસક આંદોલન ચાલી રહ્યા છે.હિંદુઓ ને લૂંટી તેમના પર અત્યાચાર થઇ રહ્યા છે. આ ઘટના ને મુન્દ્રા ખારવા સમાજ સખત શબ્દો માં વખોડે છે. થોડા સમય પહેલા ભુજ સહિત ગુજરાતમાં અન્ય જગ્યાએ પણ આ હિંસક પ્રવૃતિનો વિરોધ થઇ રહ્યો છે ત્યારે હિંદુઓના માનવ અધિકારનું રક્ષણ થાય ,રોજિંદુ જીવન સુરક્ષિત બને એવી માંગ આજે મુન્દ્રામાં આવેદનપત્ર સ્વરૂપે કરાઇ હતી. આ શાંતિપુર્ણ વિરોધમાં મુન્દ્રા ખારવા સમાજના પ્રમુખ રાજેશ કષ્ટા અને અગ્રણી ધર્મેન્દ્ર જેસર એ બાંગ્લાદેશની ઘટના ને વખોડી હતી સાથે રજુઆતમાં મુન્દ્રા શહેર ભાજપ પ્રમુખ સંજય ઠક્કર ,વિવિધ સમાજના આગેવાનો ,રાજકીય-સામાજિક આગેવાનો બહોળી સંખ્યામાં રેલી,આવેદનમાં જોડાયા હતા આવેદન પહેલા યોજાયેલી રેલી મુન્દ્રા ખારવા ચોકથી પ્રારંભ થઇ શહેરના રામ મંદિર ,માંડવી ચોક ,જવાહર ચોક ,એસટી ચોક ,આદર્શ ટાવર થઈ મામલતદાર કચેરી એ પહોંચી હતી. રેલીમાં મહિલાઓની હાજરી વિશેષ રહી હતી.

# મુન્દ્રામાં ૧૬ ઉપવાસીના પારણા કરાયા

**પારણા પ્રસંગે સકળ જૈન સંઘ ઉપસ્થિત રહ્યો વાજતે ગાજતે વરઘોડો નીકળ્યો જૈન સંતોએ અણગારની ૯ માસની તપસ્યા અને ચંપા શ્રાવિકાની ૬માસની ઉગ્ર તપસ્યાના દ્રષ્ટાંત આપ્યા હતા**

મુન્દ્રા તા.૨૦
મુન્દ્રાના શાન્તાબેન નેમચંદ મહેતા પરિવારના મોસમી ભવદીપ મહેતા ના ૧૬ ઉપવાસ ના પારણે મુન્દ્રા સમસ્ત જૈન સમાજ જૈન તપગચ્છ દેરાસર મધ્યે એકત્રિત થયો હતો અને ત્યાંથી તપાગચ્છ જૈન સંઘ ના પંન્યાસ મુક્તિ શ્રમણ વિજયજી મસા અને પૂજ્ય મુક્તિ ચરણ વિજયજી મહારાજની ઉપસ્થિતિમાં તપસ્વી નો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો જે શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ઓસવાળ શેરી સ્થિત છ કોટી જૈન સંઘ અતિથિ ગ્રુહ મધ્યે પહોંચ્યો હતો.આ પ્રસંગે પૂજ્ય મુક્તિ ચરણ વિજયજી મહારાજ એ જણાવ્યું હતું કે જીન શાસન માં તપ ખૂબ જ મહત્વનો છે.તેમણે ધન્ના અણગાર ની ૯ માસ ની તપસ્યા અને ચંપા શ્રાવિકા ની ૬માસ ની ઉગ્ર તપસ્યા ના દ્રષ્ટાંત આપ્યા હતા ..તેમજ તપસ્વી ની અનુમોદના કરવા થી અંતરાય કર્મ દૂર થાય છે.તપસ્વી મોસમી મહેતા એ ગુરુ ભગવંતો ની નિશ્રામાં તેમના પરિવારજનો ના હસ્તે પારણા કર્યા હતા અને સમગ્ર હોલ તપસ્વી અમર રહો ના નારા સાથે ગુંજી ઉઠ્યા હતો.તપસ્વી મહેતા





પરિવારના ભોગી મહેતા ,નવીન મહેતા ,અશ્વિન મહેતા તેમજ સમસ્ત મહેતા પરિવારે ઉત્સાહથી આ ધાર્મીક કાર્યક્રમ ઉજવ્યો હતો તપસ્વીએ ગુરુભગવંતો નું પૂજન કરી બાદ માં પારણા કર્યા હતા. પ્રસંગે મુન્દ્રા જૈન સંઘના હરેશ મહેતા ,વિનોદ મહેતા ,દીપક શાહ ,પંકજ શાહ ,રૂશભ સંઘવી ,પ્રફુલ્લ ફોફડિયા ,રાજ સંઘવી ,ભવાનજી દેવજી ,ભરત શાહ ,સંપટ મહેતા ,તેમજ સમસ્ત જૈન સંઘ ના સાધર્મિક ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારે ઉકળાટ વચ્ચે રાપરમાં વરસાદનુ દે ધનાધન...

**કચ્છમાં લાંબા સમયના વિરામ બાદ અસહ્ય ગરમી વચ્ચે આજે રાપર-ભચાઉના ગામોમાં વરસાદની તોફાની બેટીંગથી લોકોમાં ખુશી નિચાણવાળા વિસ્તારમા પાણી ભરાયા ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદથી ખેડુતોમાં ખુશી**


રાપર, તા.૨૦
કચ્છમાં પાછોતરો વરસાદ જાણે ખેંચાયો છે. અને લોકો ભારે ઉકળાટ અનુભવી રહ્યા છે તે વચ્ચે બે દિવસથી ભારે તડકો નિકળતા લોકો ગરમીથી ત્રસ્ત બન્યા છે તે વચ્ચે આજે કચ્છમાં ફરી વરસાદની આશા બંધાઈ છે. આજે પુર્વ કચ્છના રાપર-ભચાઉના અનેક ગામોમાં વરસાદની એન્ટ્રી જોવા મળી હતી રાપર શહેરમા મંગળવારે સાંજે ચાર વાગ્યા બાદ મેઘરાજા એ ધબધબાટી બોલાવતા એક કલાક મા બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો સખત ઉકળાટ વચ્ચે રાપર શહેર નંદાસર, રવ, કલ્યાણપર, સલારી, ગેડી, ફતેહગઢ,ખેંગારપર સહિતના વિસ્તારોમાંજોરદારવરસાદનાઝાપટા વરસ્યા હતા તો રાપર શહેરમા દોઢ બે કલાક સુધી ધબધબાટી બોલાવતા



શહેરના નિચાણ વારા વિસ્તારમાં પાણી ભરાઇ ગયા હતા. શહેરની મુખ્ય બજારોમાં જાણે નદી વહેતી હોય તે રીતે પાણી વહી નિકળ્યા હતા ભારે ગરમી વચ્ચે ગાજવીજ સાથે વરસાદ તૂટી પડતાં શહેરીજનો મા આનંદ ની લાગણી જોવા મળી હતી હતી. જો કે રાપરમાં સર્વત્ર વરસાદની હાજરી રહી ન હતી તો ભચાઉના કેટલાક ગામોમાં પણ વરસાદ પડયો હતો બીજી તરફ ભચાઉના ખારોઇ સહિતના ગામોમાં વરસાદ પડ્યો હતો. કચ્છમાં લાંબા સમયથી વરસાદે વિરામ લીધો છે પરંતુ હવે ફરી વરસાદની શરૂઆત થતા લોકોમાં વરસાદને લઈને આશા બંધાઈ છે. જો કે રાપરમાં વરસાદને કારણે ખુશી સાથે લોકો મુશ્કેલીમાં પણ મુકાયા હતા. ભારે વરસાદને કારણે શહેરના અનેક માર્ગો જળમગ્ન બન્યા હતા.

FILMY ગપશપ

## અભિનેતાના નિધનની અફવા ફેલાઈ, શ્રેયસે પોસ્ટમાં લખ્યું હું જીવિત છું



મુંબઈ,તા.૨૦

બોલિવૂડ અભિનેતા શ્રેયસ તલપડેના સ્વાસ્થ્યને લઈને સોશિયલ મીડિયામાં અફવા ફેલાઈ હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ફેક ન્યુઝ ફેલાવવામાં આવી રહી હતી કે, શ્રેયસ તલપડેનું નિધન થઈ ગયું છે. ત્યારબાદ ખુદ એક્ટરે પોતાના નિધનની આ ફેક ન્યુઝ વિશે જાણ થતા જ ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ કરી. પોસ્ટમાં એક્ટરે જણાવ્યું કે હું જીવિત છું, ખુશ છું અને સ્વસ્થ છું. આ સાથે જ એક્ટરે પોતાના ચાહકોનો આભાર પણ માન્યો.

શ્રેયસે પોસ્ટમાં લખ્યું કે, હું બધાને જણાવવા માંગુ છું કે, હું જીવિત છું, ખુશ છું અને સ્વસ્થ છું. મને એ પોસ્ટ વિશે જાણ થઈ જેમાં મારા નિધનનો દાવો કરવામાં આવી રહ્યો હતો. હું સમજુ છું કે હ્યુમરની પોતાની એક જરૂર છે પરંતુ જ્યારે તેનો ખોટો ઉપયોગ કરવામાં આવે ત્યારે તેનાથી સાચો નુકસાન પહોંચી શકે છે. કોઈકે મજાકમાં આ ખોટા સમાચાર ફેલાવ્યા હતા પરંતુ હવે તેનાથી બધા ટેન્શનમાં આવી ગયા છે અને જે લોકો મારી ચિંતા કરે છે અને ખાસ કરીને મારી ફેમિલીના ઈમોશન્સ સાથે ખિલવાડ થઈ રહ્યો છે. મારી નાની દીકરી છે જે દરરોજ સ્કૂલ જાય છે તે મારા સ્વાસ્થ્યને લઈને ખૂબ જ ચિંતામાં રહે છે અને સતત સવાલ કરે છે અને જાણવા માંગે છે કે હું ઠીક છું કે નહીં. આ ખોટી અફવાઓ તેને વધુ દુઃખી કરે છે અને વધુ સવાલ કરવા માટે મજબૂર કરે છે. જે લોકો આ પ્રકારના કન્ટેન્ટ પુશ કરી રહ્યા છે કેટલાક લોકો હકીકતમાં મારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરે છે અને હાસ્યને આ રીતે યુઝ કરતું જોઈને દિલને ઠેસ પહોંચે છે.

## ૬ વર્ષની ઉંમરે ચાના ગ્લાસ ધોતો આ અભિનેતા, ૧૪ની ઉંમરે ૫૫ વર્ષની નોકરાણી સાથે બનાવ્યા હતા સંબંધ

આજે વાત એક એવા અભિનેતાની છે જે માત્ર ૬ વર્ષની ઉંમરે ચાની દુકાને ચાના ગ્લાસ ધોતો હતો. જ્યારે ૧૪ વર્ષની ઉંમરે આ અભિનેતાએ પોતાની નોકરાણી સાથે જ શારીરિક સંબંધ બનાવી લીધા હતા.

બોલિવૂડના ઘણા સેલેબ્સના તમે આજ સુધી સંઘર્ષના કિસ્સા સાંભળ્યા હશે. બોલિવૂડની ઘણી ફિલ્મી હસ્તીઓ આજે જે મુકામ પર છે ત્યાં સુધી પહોંચવામાં તેમને ઘણી મહેનત અને સંઘર્ષ કરવો પડ્યો છે. આજે અમે તમને એક એવા અભિનેતાની દાસ્તાન સંભળાવી રહ્યા છીએ જેણે માત્ર ૬ વર્ષની નાની ઉંમરે ચાની દુકાને ચાના ગ્લાસ ધોવાનું કામ કર્યું.

આ અભિનેતા થોડો મોટો થયો તો માત્ર ૧૪ વર્ષની નાની ઉંમરે જ પોતાની નોકરાણી જેની ઉંમર ૫૫ વર્ષની હતી તેની સાથે શારીરિક સંબંધ બનાવી લીધા હતા. અભિનેતાએ પોતે આ વાત કબૂલ કરી હતી. તમને જણાવી દઈએ કે જે અભિનેતાની વાત થઈ રહી છે તે હવે આ દુનિયામાં નથી. તો ચાલો જાણીએ તે અભિનેતા વિશે.

શું તમે આટલી હિન્ટ આપ્યા પછી પણ તે અભિનેતાને ઓળખી શક્યા નથી? અમે તમને જણાવી રહ્યા છીએ દિગ્ગજ અને દિવંગત અભિનેતા ઓમ પુરી વિશે. ઓમ પુરીનું વર્ષ ૨૦૧૮માં અવસાન થયું હતું. જોકે તેમના ઘણા કિસ્સા આજે પણ ચર્ચામાં રહે છે.

ઓમ પુરીનો જન્મ હરિયાણાના અંબાલામાં ૧૮ ઓક્ટોબર ૧૯૫૦ના રોજ એક ગરીબ પરિવારમાં થયો હતો. જ્યારે તેઓ માત્ર ૬ વર્ષના હતા ત્યારે તેમના પિતા પર ચોરીનો આરોપ લાગ્યો હતો. આ આરોપમાં તેમના પિતાને જેલની હવા ખાવી પડી હતી. જોકે આ સ્થિતિમાં ઓમ પુરીના પરિવાર પર સંકટ વધુ ઊંડું થયું. ત્યારે અભિનેતાએ એક ચાની દુકાને ચાના એઠા ગ્લાસ ધોવાનું કામ કર્યું. ઓમની પોતાની નોકરાણી




સાથેના સંબંધની વાત કોઈથી છુપાયેલી નથી. ઓમ પુરીનો આ કિસ્સો ઘણો વિવાદિત રહ્યો છે. આનો ઉલ્લેખ તેમની પત્ની રહેલા નંદિતા પુરીના પુસ્તક 'Unlikely Hero: Om Puri'માં છે. પુસ્તકમાં લખ્યું છે કે જ્યારે ઓમ માત્ર ૧૪ વર્ષના હતા ત્યારે તેમણે ઘરમાં કામ કરતી નોકરાણી જેની ઉંમર ૫૫ વર્ષની હતી તેની સાથે શારીરિક સંબંધ સ્થાપિત કર્યા હતા.

ઓમ પુરી પોતે પણ આ વાત સ્વીકારી ચૂક્યા હતા. તેમણે એક વાતચીત દરમિયાન જાહેરમાં જ આ મામલે સવાલ કર્યો હતો કે, આમાં ૫૫ વર્ષની નોકરાણીનો વાંક છે કે પછી ૧૪ વર્ષના બાળકનો. ઓમ પુરી અહીં પોતાનો બચાવ કરતા નજરે પડ્યા હતા. કહેવાય છે કે એક વાર નોકરાણી સાથે ફિઝિકલ રિલેશન બનાવ્યા બાદ તેમણે પછીથી પણ નોકરાણી સાથે ઘણી વાર સંબંધ બનાવ્યા હતા.



સાક્ષી મલિકે હોટ બોડીકોન લૂકમાં ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે. સાક્ષીનો આ ગ્લેમરસ અંદાજ ઈન્સ્ટા પર વાયરલ થઈ રહ્યો છે.હોટ બોડીકોન લૂકમાં સાક્ષી મલિક અલગ-અલગ અંદાજમાં પોઝ આપતી જોવા મળી રહી છે.સાક્ષી મલિકના ચાહકો પણ તેના આ ગ્લેમરસ અંદાજને લાઈક કરી રહ્યા છે.હાલમાં સાક્ષી તેની હોટ તસવીરોને લઈને ચર્ચામાં છે.સાક્ષી મલિક દિલ્હીની મોડલ છે. સાક્ષી ફિલ્મ 'સોનૂ કી ટીટૂ કી સ્વીટી' ના સોંગ બમ ડિગી ડિગીમાં જોવા મળી હતી.



## ફેમસ સિંગરે શેર કર્યા પોતાના ન્યુડ ફોટા, સોશિયલ મીડિયાનું વાતાવરણ ગરમાયું

મુંબઈ,તા.૨૦

હાલ સોશિયલ મીડિયાનું વાતાવરણ ગરમાયું છે. હવે જો કોઈ વ્યક્તિના ફોટા પોતે જ ઈન્ટરનેટ પર વાયરલ થાય તો અલગ વાત છે, પરંતુ જો કોઈ વ્યક્તિ પોતે જ એવા ફોટા શેર કરે છે જેને વાયરલ થતા થોડી સેકન્ડ પણ લાગતી નથી તો શું કરવું જોઈએ. એક પ્રખ્યાત સિંગરે પોતે પોતાના ખૂબ જ બોલ્ડ ફોટા શેર કર્યા છે, જે ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બની ગયા છે.

ખરેખર, અમેરિકન સિંગર કેશાએ તેના ઈન્સ્ટાગ્રામ પર તેના લેટેસ્ટ ફોટા શેર કર્યા છે. જો કે કેશાએ શેર કરેલા ફોટા બધાનું ધ્યાન ખેંચી રહ્યા છે. આ તસવીરો શેર કરતી વખતે કેશાએ કેપ્શનમાં લખ્યું છે કે 'હું કપડાં પહેરીને કંટાળી ગયો છું.' એક ફોટોમાં કેશા બેડ પર બેઠેલી જોવા મળી રહી છે અને તેણે પોતાની જાતને બેડશીટ થી ઢાંકી છે. બીજા ફોટોમાં તે ખુરશી પર બેઠેલી જોવા મળી રહી છે, પરંતુ આ ફોટો ખૂબ જ બોલ્ડ છે અને તેણે તેમાં કંઈપણ પહેર્યું નથી. સિંગરની આ પોસ્ટ હવે ચર્ચાનો વિષય બની છે. યુઝર્સ આ અંગે પ્રતિક્રિયા આપી રહ્યા છે. આ પોસ્ટ પર એક યુઝરે કમેન્ટ કરી કે હવે આ શું નવું ડ્રામા છે. અન્ય યુઝરે લખ્યું કે લોકોને શું થયું છે. ત્રીજા યૂઝરે કહ્યું કે એક મર્યાદા છે કે લોકો કંઈપણ પોસ્ટ કરી શકે છે. બીજાએ કહ્યું કે હવે આના પર શું કહી શકાય. અન્ય એક યુઝરે લખ્યું કે આ હવે બહુ થઈ ગયું છે. આ પોસ્ટ પર લોકો આવી કોમેન્ટ કરી રહ્યા છે. જો આપણે કેશા વિશે વાત કરીએ, તો તે એક પ્રખ્યાત અમેરિકન ગાયક અને ગીતકાર છે. તેનું પૂરું નામ કેઈશા રોઝ સેબર્ટ છે. કેશાનો જન્મ ૧ માર્ચ ૧૯૮૭માં થયો હતો. કેશાને પ્રથમ મોટી સફળતા ૨૦૦૯ની શરૂઆતમાં મળી હતી, જ્યારે તેણીને રેપર ફ્લો રીડાના નંબર-વન સિંગલ, "રાઈટ રાઉન્ડ"માં દર્શાવવામાં આવી હતી. જો કે હાલમાં કેશા તેના ફોટોશૂટને કારણે ચર્ચામાં છે.

## અભિનેત્રી શ્રદ્ધા કપૂરને એક સમયે વરુણ ધવને રીજેક્ટ કરી હતી

મુંબઈ,તા.૨૦

શ્રદ્ધા કપૂર, જે આ દિવસોમાં સ્ત્રી ૨ ની બોક્સ ઓફિસ પર સફળતાની ઉજવણી કરી રહી છે. માત્ર ચાહકો જ નહીં પરંતુ સેલેબ્સ પણ તેને પસંદ કરે છે. છોકરાઓ માટે તેના પર ક્રશ થવું સામાન્ય વાત છે. આ અભિનેત્રીને બાળપણના દિવસોમાં બોલિવૂડ એક્ટર પર પણ પ્રેમ હતો. જોકે તેણીને નકારી કાઢવામાં આવી હતી. આટલું જ નહીં આજે તે એક્ટર સાથે હિટ ફિલ્મો આપી છે.જ્યારે બંને એકબીજાની ફિલ્મોમાં કેમિયો આપતા જોવા મળે છે. અહી વાત થઈ રહી છે એક્ટર વરુણ ધવનની, જેના પિતાની ફિલ્મોમાં શ્રદ્ધા કપૂરના પિતા શક્તિ કપૂર ખૂબ જ જોવા મળ્યા છે. એક અહેવાલમાં અભિનેત્રીએ કહ્યું કે, આ ઘણી જૂની વાત છે. લોકો આ જાણે છે. વરુણે મારો પ્રસ્તાવ ફગાવી દીધો હતો.તે ખૂબ જ રમુજી હતું. અમે અમારા પિતાના શૂટિંગમાં ગયા હતા. મને બાળપણમાં વરુણ પર પ્રેમ હતો. અમે પર્વતની ટોચ પર ગયા. ત્યાં રમતા રહ્યા. મેં કહ્યું, વરુણ, હું એક વાત કહીશ, મેં કહ્યું, તું મને પ્રેમ કરે છે, તેણે કહ્યું કે મને છોકરીઓ પસંદ નથી. અને તે ફરીથી ભાગી ગયો. તમને જણાવી દઈએ કે, વરુણ ધવન અને શ્રદ્ધા કપૂર એબીસીડી ૨ અને સ્ટ્રીટ ડાન્સર ૩ડી જેવી ફિલ્મોમાં કામ કરી ચુક્યા છે.

## આગામી ડિસેમ્બરમાં વિકીની છાવા અને પુષ્પા ટૂનો મુકાબલો નક્કી

મુંબઈ,તા.૨૦

વિકી કૌશલની 'છાવા' તથા અલ્લુ અર્જુનની 'પુષ્પા ટૂ' આગામી તા. છઠ્ઠી ડિસેમ્બરે બોક્સ ઓફિસ પર ટકરાશે તે નક્કી થઈ ગયું છે. 'છાવા'નાં ટીઝરની સાથે જ તેની રીલિઝ ડેટની ઔપચારિક જાહેરાત કરી દેવાઈ છે. આ બંને ફિલ્મોમાં રશ્મિકા મંદાના હિરોઈન છે. આમ, રશ્મિકાની જ બે ફિલ્મો બોક્સ ઓફિસ પર ટકરાશે.

અગાઉ 'પુષ્પા ટૂ' આ ચાલુ ઓગસ્ટ મહિનામાં જ રીલિઝ થવાની હતી. જોકે, શૂટિંગ બાકી રહેતાં તે ડિસેમ્બર માસ પર ઠેલાઈ હતી.

'છાવા'ના સર્જકોએ 'પુષ્પા ટૂ' સામે મેદાનમાં ઉતરવાનું પસંદ કર્યું છે. છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર સંભાજી મહારાજનાં જીવન પર આધારિત 'છાવા'માં વિકી કૌશલ મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મના ટીઝરમાં ઔરંગઝેબ તરીકે અક્ષય ખન્નાને જોઈ ચાહકો ચોંકી ઉઠયા હતા. પહેલી નજરે અક્ષય ખન્ના ઓળખાતો જ નહિ હોવાનું ચાહકોએ જણાવ્યું હતું

## સાઇકો લેડી આધ્યાને ખૂબ ટોર્ચર કરશે

મુંબઈ,તા.૨૦

રૂપાલી ગાંગુલી અને ગૌરવ ખન્ના સ્ટારર ટીવી શો અનુપમાની સ્ટોરીમાં કેટલાક મોટા ટ્વિસ્ટ જોવા મળી રહ્યા છે. તાજેતરના એપિસોડમાં, અમે જોયું છે કે અનુજના માનસિક સ્વાસ્થ્ય વિશે જાણીને અનુને આશ્ચર્ય થયું હતું. તે માની શકતી નથી કે આધ્યા હવે નથી અને અનુજને કહે છે કે તે તેમની દીકરીને પાછી લાવશે.

અંકુશ અને બરખાએ અનુજની મિલકત છીનવી લીધી અને અનુએ તેમની પાસેથી બધું પાછું મેળવવાનું નક્કી કર્યું. તે આધ્યા ક્યાં છે તે શોધવાનું નક્કી કરે છે અને તેથી તે યશદીપ અને દેવિકાની મદદ લે છે.જો કે આપણે જોઈએ છીએ કે આધ્યા જીવિત છે અને હવે એક સાઈકો લેડી સાથે ફસાઈ ગઈ છે. અનુ તેને શોધવા માટે સંઘર્ષ કરી રહી છે. અનુજ અને અનુ પણ તેણીને એક મંદિરમાં મળી પરંતુ તે તે મહિલા સાથે ગઈ જે હંમેશા આધ્યાને તેના રૂમમાં બંધ રાખે છે. તે આધ્યાને કોઈને જોવા કે સ્પર્શ કરવા દેતી નથી. બીજી તરફ, આપણે જોયું કે વનરાજ શ્રીમંત બની ગયો છે પણ હવે વધુ ઘમંડી બન્યો છે. તે માને છે કે ગરીબ લોકો કોઈ કામના નથી અને તેથી તે અનુના આશા ભવનના લોકોને ટોણા મારતા રહે છે અને તેના પરિવારને તેમનાથી દૂર રાખવાનો પ્રયાસ કરે છે.વનરાજ પણ આશા ભવન વેચવા પાછળ છે કારણ કે તે અનુને બતાવવા માંગે છે કે તે કંઈ નથી.

વનરાજની ભત્રીજી મીનુ એમબીબીએસ પૂર્ણ કરીને ભારત આવી હતી. રાજન શાહીના ટીવી શો 'અનુપમા'ના આગામી એપિસોડમાં આપણે જોઈશું કે આટલી બધી ઘટનાઓ પછી મીનુ સાગરના પ્રેમમાં પડી ગઈ છે. જોકે સાગર તેને તેનાથી દૂર રહેવા માટે કહેશે. તે તેની અવગણના કરવાનો પ્રયત્ન કરશે પણ મીનુ તેને કહેશે કે તે તેને પસંદ કરે છે.

સાગર પણ તેને પ્રેમ કરે છે પણ તેને કહેશે નહીં કારણ કે તે જાણે છે કે વનરાજ તેમને ક્યારેય સાથે રહેવા દેશે નહીં. આપણે જોઈશું કે વનરાજને મીનુ અને સાગર વિશે ખબર પડશે અને તેથી તે આ બાબત માટે અનુ સાથે ખૂબ લડશે. અનુને નુકસાન પહોંચાડવા માટે તે શક્ય તેટલી વહેલી તકે આશા ભવન વેચવાનું નક્કી કરશે. બીજી બાજુ, આપણે જોઈશું કે આધ્યાએ સંઘર્ષ કરવો પડશે કારણ કે એક સાયકો લેડી તેને હેરાન કરે છે. તે વિચારે છે કે અનુ અને અનુજે તેને જલ્દીથી શોધી કાઢવી જોઈએ અને તેને પોતાની સાથે પાછી લઈ જવી જોઈએ.

## આમિર લોકેશ કનગરાજની પાન ઈન્ડિયા ફિલ્મ કરે તેવી સંભાવના

મુંબઈ,તા.૨૦

આમિર ખાન સાઉથના ટોચના ડાયરેક્ટર લોકેશ કનગરાજની એક ફિલ્મમાં કામ કરે તેવી સંભાવના છે. બંને વચ્ચે આ પ્રોજેક્ટ માટે પ્રાથમિક વાતચીત થઈ ચૂકી છે.

આ ફિલ્મ પાન ઈન્ડિયા સ્તરની હશે. તે સાઉથની ભાષાઓ સાથે હિંદીમાં પણ બનાવાશે. સાઉથના અન્ય ટોચના સ્ટાર્સ પણ આ પ્રોજેક્ટ સાથે જોડાઈ શકે છે. જોકે, હજુ પ્રોજેક્ટ ,કાસ્ટ કે સ્ટોરી અંગે કોઈ જાહેરાત થઈ નથી. પરંતુ, એવું મનાય છે કે આ લોકેશની સ્ટાઈલ પ્રમાણેની એક્શન ફિલ્મ હશે. શાહરુખ ખાનને તેની નવી ઈનિંગમાં એક્શન ફિલ્મોમાં સફળતા મળી તે પછી આમિર ખાન પણ કોઈ એક્શન રોલ મેળવવાની ફિરાકમાં છે. આ માટે તેણે સાઉથના એક્શન મૂવીઝ બનાવવા માટે જાણીતા અનેક ડાયરેક્ટરોનો સંપર્ક કર્યો છે. આખરે લોકેશ કનગરાજ સાથે તેની વાતચીતમાં પ્રગતિ થઈ હોવાનું કહેવાય છે. જોકે, તેની આગામી ફિલ્મ 'સિતારે ઝમીન પર' આ ડિસેમ્બરમાં રજૂ થવાની છે.

SPORTS કોર્નર

## ભારત-પાકિસ્તાન મેચની સ્ટ્રીમિંગને લઈને ઈડીના દરોડા, સામે આવ્યું ઊંઝા કનેક્શન

ઉંઝા,તા.૨૦

ભારત-પાકિસ્તાન મેચના સ્ટ્રિમિંગને લઈને ઈડીની મોટી કાર્યવાહી સામે આવી છે. વાસ્તવમાં અમદાવાદ ઈડીની ટીમે દેશના ૨૦ સ્થળોએ દરોડા પાડ્યા છે. આ તરફ હવે તપાસમાં સામે આવ્યું છે કે, પાકિસ્તાનના અઝહર સાથે ઊંઝાના દિવ્યાંશુ પટેલ સંપર્ક માં હતો. આદરોડામાં ઈડીએ ૨ કરોડની ક્રિપ્ટો કરન્સી જપ્ત કરી છે. નોંધનિય છે કે, અમદાવાદ સાયબર ક્રાઈમે જૂન મહિનામાં ૨ વ્યક્તિની ધરપકડ કરી હતી. જે બાદ ગેર-કાયદે સ્ટ્રિમિંગ દ્વારા સટ્ટો રમાડાતો હોવાનો ખુલાસો થયો હતો.

ભારત અને પાકિસ્તાનની મેચનું ગેરકાયદેસર રીતે સ્ટ્રિમિંગ મામલે ઈડીએ અમદાવાદમાં દરોડા પાડ્યા છે.. પાકિસ્તાનના અઝહર નામના વ્યકિત સાથે ઉંઝાના દિવ્યાંશુ પટેલ સંપર્કમાં રહીને ગેર-કાયદેસર રીતે સ્ટ્રિમિંગ કરવાના મામલે અમદાવાદ ઈડી દિલ્હી-એનસીઆર, બેંગલુરુ, લખનૌ અને કોઈમ્બુતરમાં ૨૦ જગ્યાએ દરોડા પાડ્યા હતા. આ સાથે આ



કેસમાંસંડોવાયેલા કેટલાક ક્રિપ્ટો એક્સચેન્જની ઓળખ કરીને બે કરોડની ક્રિપ્ટો જપ્ત કર્યા છે જ્યારે રૂ.૧૨ કરોડ શોધી કાઢયા છે.

અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા ઉંઝાના દિવ્યાંશુ પટેલ અને અમદાવાદનો આકાશ ગીરીની જૂન માસમાં ધરપકડ કરીને તપાસ કરતા બહાર આવ્યુ છે કે,હોટસ્ટાર સહિત પર પ્રસારણ થતી મેચોનુ ગેરકાદેસર સ્ટ્રિમિંગ વેબસાઈટ ઉપર કરાવીને ૨૧ બેંકોના ખાતામાં મોટાપાયે સટ્ટો રમાડતો હતો. જે કેનેડા, લંડન, પાકિસ્તાન સહિત વિદેશોમાંથી કરાતુ હતુ આરોપીઓ દ્વારા વેબસાઈટમાં સંપર્ક કરવા માટે ૨૧ મોબાઈલ નંબરો અપાયા હતા જે નંબરો વેબસાઈટમાં પેમેન્ટના ઓપ્શનમાં વિવિધ બેંકના એકા-ઉન્ટો આપવામાં આવ્યા હતા.

આ તરફ ઈડી દ્વારા તપાસ કરતા દિલ્હી-એનસીઆર, બેંગલુરુ, લખનૌ અને કોઈમ્બુતરમાં પગેરુ ફેલાયુ બહાર આવ્યુ હતુ. અમદાવાદ ઈડીના અધિકારીઓએ એક સામટા દિલ્હી-એનસીઆર, બેંગલુરુ, લખનૌ અને કોઈમ્બુતરમાં સામટા દરોડા પાડીને ૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જયારે રૂ.૨ કરોડના ક્રિપ્ટો કરન્સી અટકાવી દીધા છે. આ ઉપરાંત ૧૨ કરોડની ક્રિપ્ટો કરન્સી શોધી કાઢીને ક્રિપ્ટો એક્સચેન્જને ટ્રાન્સફર નહીં કરવા માટે જણાવવામાં આવ્યુ છે.

## એમએસ ધોનીએ બતાવી પોતાની દેશી સ્ટાઈલ, રાંચીમાં મિત્રો સાથે ઢાબા પર જમ્યું ભોજન



પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીનો ફોટો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ખરેખર, આ ફોટામાં માહી તેના નજીકના મિત્રો સાથે મસ્તી કરતી જોવા મળી રહી છે. તે સ્થાનિક ઢાબા પર મિત્રો સાથે લંચ માટે તેના હોમ ટાઉન રાંચી પહોંચ્યો હતો. આ દરમિયાન માહી તેના મિત્રો સાથે મસ્તીના મૂડમાં જોવા મળી રહી છે. જો કે આ ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ સિવાય સોશિયલ મીડિયા યુઝર્સ સતત કોમેન્ટ કરીને પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે. તે જ સમયે, મહેન્દ્ર સિંહ ધોનીની IPL કારકિર્દી પર અટકળોનું બજાર ગરમ છે. ખરેખર, હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે માહી IPL 2025માં રમશે કે નહીં જોકે, ક્રિકેટ ચાહકોને આશા છે કે માહી ચોક્કસપણે IPL 2025માં રમતા જોવા મળશે.

## ધોની બાદ હવે યુવરાજ સિંહ પર ફિલ્મ બનશે, બાયોપિક એનાઉન્સ થઈ

મુંબઈ,તા.૨૦

ભારતીય ક્રિકેટના મહાન ઓલરાઉન્ડરોમાંના એક યુવરાજ સિંહના જીવન પર એક ફિલ્મ બનવા જઈ રહી છે. યુવરાજ સિંહે પોતાની બાયોપિકને લઈને પોતાની પ્રતિક્રિયા આપી છે. ફિલ્મ સમીક્ષક તરણ આદર્શે પણ એક પોસ્ટ દ્વારા આ વાત કન્ફર્મ કરી છે. ભારતના ટી ૨૦ વર્લ્ડ કપ અને વનડે વર્લ્ડ કપ જીતવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર યુવરાજની સફર ખૂબ જ શાનદાર રહી. તે કેન્સર સામે લડ્યા બાદ મેદાનમાં પાછો ફર્યો, જે દરેકને પ્રેરણા આપે છે.

૨૦૦૭ના ટી ૨૦ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે ૬ છગ્ગા મારવાનું પરાક્રમ હોય કે પછી ૨૦૧૧ના આઈસીસી વનડે વર્લ્ડ કપમાં મેચને ભારત તરફ વાળવાનું હોય. યુવરાજ સિંહે બેટ અને બોલ સિવાય ફીલ્ડિંગમાં પણ એવી છાપ છોડી કે જેને યુવાનો આજે પણ તેને ફોલો કરે છે. આ મહાન ક્રિકેટરના જીવન પર



એક ફિલ્મ બનવા જઈ રહી છે. પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ માહિતી આપતા યુવરાજ સિંહે ફિલ્મ મેકરનો આભાર માન્યો છે.

યુવરાજ સિંહની બાયોપિક ભૂષણ કુમાર અને રવિ ભાગચંદકા પ્રોડ્યૂસ કરવાના છે. આ ફિલ્મમાં યુવીના પાત્રને સ્ક્રીન પર જીવંત કરવામાં આવશે કે કેમ તે અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. બોલિવૂડના ઉભરતા કલાકાર સિદ્ધાંત ચતુર્વેદીએ યુવરાજ સિંહની બાયોપિકમાં મુખ્ય ભૂમિકા ભજવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. યુવરાજ સિંહના પાત્રને સ્ક્રીન પર જીવંત કરવા માટે રણવીર કપૂર પણ સારો વિકલ્પ બની શકે છે. આ પહેલા તેણે બોલિવૂડ એક્ટર સંજય દત્તનું પાત્ર ભજવ્યું હતું.

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના જીવન પર આધારિત ફિલ્મ 'એમએસ ધોની - ધ અનટોલ્ડ સ્ટોરી'માં સુશાંત સિંહ રાજપૂતે મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી. સુશાંતે પડદા પર ધોનીનું પાત્ર એવી રીતે ભજવ્યું કે, લોકો તેને વાસ્તવિક જીવનમાં પણ ધોની જેવો જ સમજવા લાગ્યા.

# અંજાર જમીયત ઉલ્મા એ હિન્દ તથા ઉમ્મત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા

## આયોજીત સમારોહમાં સામાજીક આગેવાનો, એડ્વોકેટ,સી.એ, ડોક્ટર, તથા શિક્ષકોનું સન્માન કરાયું






અંજાર તા.૨૦

અહીંની જમીયત ઉલ્મા એ હિન્દ સંસ્થા તથા ઉમ્મત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિધ્યાર્થી તથા સામાજીક આગેવાન એડ્વોકેટ,સી.એ, ડોક્ટર, તથા શિક્ષકોને યોજાયેલા સન્માન સમારોહમાં સન્માનિત કરી બિરદાવવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કુરઆન શરીફની તીલાવત હાફિઝ ઝેદ દ્વારા કરવામાં આવી હતી, સૌનું સ્વાગત જમીઅત ઉલમા એ હિન્દ અંજાર ના પ્રમુખ મૌલાના શરીફ બારમેડી દ્વારા કરવામાં આવ્યું હતું, કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને એડ્વોકેટ ઈકબાલ દેદા અને દુઆગીર તરીકે પીર સૈયદ કાસમશા બાપુ, મૌલાના ઉમર જત તથા મુફ્તી જુબૅર ઉપસ્થિત રહ્યા હતા, સમગ્ર પોગ્રામ માં ૬૧૫ વિદ્યાથીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમારંભના અતિથિ વિશેષ તરીકે પી.એસ.આઈ જે.સી સિંધી, ના.મામલતદાર સાદીક ધાસુરા, ઈરફાન સિંધી, ડો.હાજી ઈસ્માઈલ બાયડ, ડો.પ્રજવલ સોરઠીયા, ડો.હનીફ અબડા, ડો.જંયતી બાંભણીયા, ડો.વીવેક ધોળકીયા, ડો.મોહમ્મદ હુશેન નોડે, ડો. આદીલ બાયડ, ડો.અલ્તાફ હુશેન મેમણ, ડો.અમીન બાયડ, ડો. હનીફ આગરીયા, ડો.સબનમબેન અબડા, ડો.એ.જે. સોલકી, ડો.ઈમરાન ખત્રી, ડો.ઈમરાન બાયડ, ડો.અકિલા નોડે, ડો.તલ્હા જીએજા, ડો.ભાવિન ભટ્ટ, ડો. જાબીર લોઢીયા, ડો.આમીર બાયડ, ખાસ હજાર રહ્યા હતા. સભારંભના મુખ્ય મહેમાન તરીકે એડવોકેટ, ગુલામશા શેખ, એડ.રીજવાન ખોજા, એડ.રમજાન બાયડ,એડ. યાકુબ થારાણી. એડ. જાફર કેવર, એડ. ઈમ્તીયાજ બાયડ, એડ. શોકત લોઢીયા,એડ.યાકુબ એશ.શેખ, એડ.મઝર ખલીફા, એડ.ઈમરાન રાજા, સીએ.અબ્દુલ સત્તાર ખત્રી, અમિલશા શેખ, કાસમ કુંભાર, મજીદ અંજારિયા, મુદશિરહુશેન સૈયદ, મુસ્તાકભાઈ ખલીફા, અનવર જત, ફરીદ ખોજા, સાબીર લોઢીયા, ડો. અકિલાબેન નોડે, ડો.ઈરમબેન, કોસરબેન અંજારીયા, તહેસિમબેન રાયમા, હાજ્ઞાબેન નોડે વગેરે રહ્યા હતા, જયારે સભારંભના મહેમાન તરીકે મોલાના ઉંમરસ હાજી ઈસ્માઈલ ખત્રી,ઈમ્તિયાઝ મેમણ, હાજી હાસમ ખત્રી, રમજુ અબડા,સુલેમાન કુંભાર, જુસબશા બાવા સૈયદ, હાફિઝ અબ્દુલ કાદર, હનીફભાઈ કુંભાર, હાજી મોહમંદ રાયમા, રીઝવાન ખત્રી, રહીમ ખત્રી, શબ્બીર ખત્રી, મામદશા શેખ, હાજી હાસમ આરબ, હાજી રજાક લોઢીયા, આમદ કોરાર, હાજી સુલેમાન મંઘરા, મજીદ રાયમા, લતિફ નોડે, યુસુફ ગલેરીયા, ફારુક મેમણ, હુશેન સુમરા, હનીફશા સૈયદ, વગેરે અનેક સામાજિક આગેવાનો એ હાજરી આપી હતી. જમીયત ઉલ્યાએ હિન્દ વતી મુફતી અનીશ, મોલાના શરીફ, મોલાના મુકશીદ, મોલાના ઈબ્રાહિમસ શકીલ લોઢીયા, અનવર લોઢીયા, ફરહાન લોઢીયા, વગેરે અને ઉમ્મત ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી અબ્દુલ જત, હાફિઝ સલમાન, હાફિઝ અનીશ, શાહિદ સુમરા, શાહિદ રાયમા, અબ્દુલ ત્રાયા, સલીમ. એફ રાયમા, રીયાજ રાયમા, સાજીદ રાયમા, દાનિશ સુમરા, અંજલા કલર વગેરેએ સેવા આપી હતી. સંચાલન સલીમ રાયમા, હાજી સફી ખત્રી અને આભાર વિધિ શબ્બીર સુમરા દ્વારા કરાઈ હોવાનું ઉમ્મત ચેરીટેબલ ટ્રસ્ટની યાદી માં જણાવવામાં આવ્યું હતું.

# જમ્મુ કાશ્મીરના પ્રથમ તબક્કાની ૨૪ વિધાનસભા બેઠકો માટે નામાંકન ભરવાની પ્રક્રિયા શરૂ

જમ્મુ,તા.૨૦

જમ્મુ-કાશ્મીરમાં દસ વર્ષ પછી યોજાનારી વિધાનસભા ચૂંટણી ના પ્રથમ તબક્કાનું નોટિફિકેશન આજે મંગળવારે બહાર પાડવામાં આવતાની સાથે જ ઉમેદવારો પોતાના ઉમેદવારીપત્રકો ભરી શકશે. પ્રથમ તબક્કામાં સાત જિલ્લાની ૨૪ વિધાનસભા બેઠકો પર મતદાન થશે. પ્રથમ તબક્કા માટે ૨૭ ઓગસ્ટ સુધી નામાંકન ભરવામાં આવશે. ૨૮મીએ પેપરોની ચકાસણી થશે અને ૩૦મી ઓગસ્ટ સુધી નામાંકન પરત ખેંચી શકાશે. ૧૯ સપ્ટેમ્બરે મતદાન થશે. તે જ સમયે, આ વિસ્તારોમાં સુરક્ષા દળોની તૈનાતી પણ શરૂ થઈ ગઈ છે.

પ્રથમ તબક્કામાં

પમ્પોર, ત્રાલ, પુલવામાનું રાજપોરા, અનંતનાગનું ડોરુ, કોકરનાગ, અનંતનાગ પશ્ચિમ, અનંતનાગ, બિજબિહાર, શાંગાસ, પહેલગામ, જૈનપોરા અને શોપિયાંના શોપિયાં, કુલગામના ડીએચ પોરા, કુલગામ અને દેવસર, રામબનના રામબન અને બનિહાલ, ઈન્દરબાલ, કે. કિશ્તવાડ, પાદર અને ડોડાની ભદરવાહ, ડોડા અને ડોડા પશ્ચિમ બેઠકો માટે ચૂંટણી યોજાશે.

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીને લઈને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીએ આઠ વિધાનસભા ક્ષેત્રોના પ્રભારીઓની યાદી જાહેર કરી છે. આ જવાબદારી બિજબિહાર પાર્ટી ના વડા મહેબૂબા મુફતીની પુત્રીને સોંપવામાં આવી છે. માનવામાં આવે છે કે પાર્ટી આ પ્રભારીઓને છેલ્લી ઘડીએ ઉમેદવાર તરીકે જાહેર કરશે. ઈલ્તિજા મુફતી પોતાની રાજકીય કારકિર્દી વિધાનસભા ચૂંટણી થી શરૂ કરશે. આ પ્રભારીઓના નામને અંતિમ સ્વરૂપ આપવા માટે પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીએ સોમવારે એક બેઠક બોલાવી હતી. ત્રણ તબક્કામાં ચૂંટણી યોજવાની ચૂંટણી પંચની જાહેરાતને બેઠકમાં આવકારવામાં આવી હતી. સંવાદ

આ સાથે જમ્મુ અને કાશ્મીર પોલીસ અને નોકરશાહીમાં મોટા પાયે ફેરબદલની ટીકા કરતી વખતે ચૂંટણીની નિષ્પક્ષતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ઈલ્તિજાએ ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષ તા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે ચૂંટણી નિષ્પક્ષ, મુક્ત અને પારદર્શક રીતે થવી જોઈએ. બેઠક બાદ પીડીપી પાર્ટી ના પ્રવક્તાએ આઠ પ્રભારીઓની યાદી જાહેર કરી. આ સાથે પાર્ટી આ પ્રભારીઓને છેલ્લી ઘડીએ ઉમેદવાર તરીકે જાહેર કરશે તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં તેજ બની છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જે લોકોને સર્કલના ઈન્ચાર્જ બનાવવામાં આવ્યા છે તે જે તે વિસ્તારના ઉમેદવારો છે.

બેગ પુલવામાથી વાહિદ અનંતનાગ સુધીના પ્રભારી અનંતનાગ પૂર્વના અબ્દુલ રહેમાન વીરી દેવસરથી સરતાજ અહેમદ મદની ડૉ. મહેબૂબ બેગ અનંતનાગથી હબ્દ લોન હંજુરાથી ચાર-શરીફ હ ઈલ્તિજા મુફતી બિજ-બિહેરાથી વાચીથી જીએચ મોહિઉદ્દીન વાની હ વહીદ-ઉર-રહેમાન પારા પુલવામાથી રફીક અહેમદ નાઈકને ત્રાલના પ્રભારી બનાવાયા

## ભાજપે ચૂંટણીની જવાબદારી ચાર નેતાઓના ખભા પર સોંપી છે

જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીનું બ્યુગલ ફૂંકાયું છે. રાજકીય પક્ષોએ રણનીતિ બનાવવાનું શરૂ કરી દીધું છે. આ વખતે પ્રાદેશિક પક્ષો ઉપરાંત કોંગ્રેસ અને ભાજપ વચ્ચે રસપ્રદ મુકાબલો થશે. તે જ સમયે, ભાજપના ટોચના ૪ નેતાઓ કેન્દ્રશાસિત પ્રદેશમાં ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કરશે. અહીં દસ વર્ષ પછી ચૂંટણી યોજાવા જઈ રહી છે અને ૨૦૧૯માં બનેલા કેન્દ્રશાસિત પ્રદેશ માટે આ પહેલી ચૂંટણી છે. સૂત્રોનું કહેવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જમ્મુ-કાશ્મીરમાં લગભગ ૫ થી ૧૦ રેલીઓ કરીને ભાજપના ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કરશે. ગૃહ પ્રધાન અમિત શાહ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ લગભગ ૧૦ થી ૧૫ રેલીઓ કરી શકે છે અને પાર્ટીનો માહોલ બનાવશે. આ સિવાય પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડા લગભગ ૧૫ થી ૨૦ રેલીઓનું આયોજન કરી રહ્યા છે. ભાજપે રાજ્ય મંત્રી જી કિશન રેડ્ડી અને પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગને ૯૦ બેઠકો માટે ઉમેદવારોની ચકાસણી કરવાનું કામ સોંપ્યું છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે ભાજપે તેના પ્રથમ તબક્કાના ઉમેદવારોની યાદી ૨૧ ઓગસ્ટે જાહેર કરવી જોઈએ.

## દારૂની પરમિટ મેળવનારાઓની સંખ્યામાં છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયા

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતમાં દાબંધી છે પરંતુ હેલ્થ પરમિટના આધારે છેલ્લા ચાર વર્ષમાં દારૂ પીનારાની સંખ્યામાં વધારો થયો છે છેલ્લા ચાર વર્ષમાં ૧૨,૯૪૨ લોકોએ હેલ્થ પરમિટ મેળવી છે વર્ષ ૨૦૨૧ -૨૨ ની સરખામણીએ છેલ્લા બે વર્ષમાં પરમીટ ધારકોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.હેલ્થ પરમિટ લેવાની ઝંઝટ કરતા બારોબાર દા મળી જતો હોય કે પછી ખરેખર દા પીવાવાળાની સંખ્યામાં ઘટાડો થયો હોય તેમ માનવામા આવે છે.પરંતુ જાન્યુઆરી-૨૦૨૧ અને જાન્યુ -૨૦૨૨ની સરખામણીમાં જાન્યુ-૨૦૨૩ અને જાન્યુઆરી -૨૦૨૪ એમ છેલ્લ ા બે વર્ષમાં હેલ્થ પરમિટની સંખ્યામાં નોંધપ ાત્ર ઘટાડો નોંધાયો છે.

નશાબંધી વિભાગના આંકડા મુજબ નિયમ ૬૪ મુજબ હેલ્થ પરમિટ એટલે કે આરોગ્યના કારણસર દા પીવાની મંજૂરી લેનારાની કુલ સંખ્યા સમગ્ર રાયમાં જાન્યુઆરી-૨૦૨૧માં ૩૧,૫૧૦ હતી. તેમાં ૭૨૮૦ના વધારા સાથે જાન્યુઆરી-૨૦૨૨માં વધીને ૩૮,૯૭૦ થવા ૨૯૮૩ના વધારા સાથે કુલ સંખ્યા ૪૧,૯૫૩ થઈ હતી.

# મોદીની મલેશિયાના વડાપ્રધાન સાથે દ્વિપક્ષીય બેઠક, અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈ

નવીદિલ્હી,તા.૨૦

ભારતની મુલાકાતે આવેલા મલેશિયાના વડાપ્રધાન દાતો સેરી અનવર બિન ઈબ્રાહિમનું આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન બંને દેશના નેતાઓ ઉષ્માભેર ગળે મળતા જોવા મળ્યા હતા. અગાઉ, મલેશિયાના વડા પ્રધાને નવી દિલ્હીમાં મહાત્મા ગાંધીની સમાધિ રાજઘાટની મુલાકાત લીધી હતી અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. પીએમ મોદી સાથેની દ્વિપક્ષીય બેઠકમાં મલેશિયાના વડ-ાપ્રધાને પણ ભાગ લીધો હતો.



મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સોમવારે ત્રણ દિવસની મુલાકાતે ભારત પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર મલેશિયાના પીએમ ભારતની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. ઈબ્રાહિમ સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ ભારત આવ્યું છે. વડાપ્રધાન તરીકે અનવર ઈબ્રાહિમની આ પ્રથમ ભારત મુલા-કાત છે. અનવર ઈબ્રાહિમની ભારત મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે ઘણા મહત્વના કરારો પર હસ્તાક્ષર થવાની આશા છે. મલેશિયાના વડ-ાપ્રધાને દિલ્હીમાં વિદેશ મંત્રી એસ જયશંકર સાથે મુલાકાત કરી હતી.

મલેશિયાના પીએમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મલેશિયાના વડ-ાપ્રધાનની બેઠકમાં વિવાદાસ્પદ ઈસ્લામિક ઉપદેશક ઝાકિર નાઈકના પ્રત્યાર્પણનો મુદ્દો પણ સામે આવી શકે છે. આ પહેલા ભારતે મલેશિયાના વડાપ્રધાન મહાતિર મોહમ્મદ સમક્ષ પણ ઝાકિર નાઈકનો મુદ્દો ઉઠાવ્યો હતો, પરંતુ તેમાં કોઈ ખાસ પ્રગતિ થઈ ન હતી. ભારત અને મલેશિયા વચ્ચેના સંબંધો ઉતાર-ચઢાવથી ભરેલા રહ્યા છે. ઝાકિર નાઈકને લઈને બંને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. હવે બંને દેશો સંબંધોને પાટા પર લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## અમેરિકાના ટેક્સાસમાં સ્થાપિત ભગવાન હનુમાનની ૯૦ ફૂટ ઊંચી પ્રતિમા



હ્યુસ્ટન,તા.૨૦

અમેરિકાના ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટન માં રવિવારે ભગવાન હનુમાનની ૯૦ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ભગવાન હનુમાનની આ પ્રતિમાને પણ પવિત્ર કરવામાં આવી હતી. આ અમેરિકાની ત્રીજી સૌથી ઊંચી પ્રતિમા હોવાનું કહેવાય છે. ભગવાન રામ અને માતા સીતાના પુનઃ જોડાણમાં ભગવાન હનુમાનની ભૂમિકાને ધ્યાનમાં રાખીને આ પ્રતિમાને 'સ્ટેચ્યુ ઓફ યુનિયન' નામ આપવામાં આવ્યું છે.

આ પ્રતિમાને ટેક્સાસના સુગર લેન્ડ વિસ્તારમાં સ્થિત શ્રી અષ્ટલક્ષ્મી મંદિરના પરિસરમાં સ્થાપિત કરવામાં આવી છે. હનુમાનજીની પ્રતિમા બનાવવા અને મંદિરમાં સ્થાપિત કરવા પાછળ ચિન્નાજીયાર સ્વામીજીની દૂરંદેશી હતી. સ્ટેચ્યુ ઓફ ધ યુનિયન વેબસાઈટ અનુસાર, આ પ્રતિમા યુનાઈટેડ સ્ટેટ્સની ત્રીજી સૌથી ઊંચી પ્રતિમા છે.

# આ વર્ષે જુલાઈ ૧૭૫ વર્ષમાં સૌથી ગરમ હતો

નવીદિલ્હી,તા.૨૦

આબોહવામાં માનવીય દખલગીરીને કારણે પૃથ્વીનું તાપમાન ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. યુ.એસ.ના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે વિશ્વએ ૨૦૨૪ માં અત્યાર સુધીની સૌથી ગરમ જુલાઈનો સામનો કર્યો હતો.



નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશનના નેશનલ સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ ઈન્ફોર્મેશનના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, વધતું તાપમાન ૨૦મી સદી દરમિયાન જુલાઈમાં નોંધાયેલા વૈશ્વિક સરેરાશ તાપમાન (૧૫.૮ ડિગ્રી સેલ્સિયસ) કરતા ૧.૨૧ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. . આ સતત ૧૪મો મહિનો છે જ્યારે વધતા તાપમાને નવો રેકોર્ડ બનાવ્યો છે. આ ક્લાયમેટ રેકોર્ડ ડેટા છેલ્લા ૧૭૫ વર્ષના આબોહવા ઈતિહાસ પર આધારિત છે. એનસીઈઆઈએ પણ રિપોર્ટમાં પુષ્ટિ કરી છે કે એશિયા, આફ્રિકા અને યુરોપ માટે આ અત્યાર સુધીનો સૌથી ગરમ જુલાઈ હતો. ઉત્તર અમેરિકા પણ તેની બીજી સૌથી ગરમ જુલાઈનો ભોગ બન્યો. રિપોર્ટ અનુસાર જાન્યુઆરીથી જુલાઈ વચ્ચેના સાત મહિના દરમિયાન વધતા તાપમાને નવો રેકોર્ડ બનાવ્યો છે. આબોહવા ઈતિહાસમાં જાન્યુઆરીથી જુલાઈ સુધીનો આ સમયગાળો અત્યાર સુધીનો સૌથી ગરમ સમયગાળો હતો. આ સમયગાળા દરમિયાન વધતું તાપમાન ૨૦મી સદીમાં આ સમયગાળા દરમિયાન નોંધાયેલા સરેરાશ તાપમાન કરતાં ૧.૨૮ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. એશિયા માટે તે ચોથો સૌથી ગરમ જાન્યુઆરીથી જુલાઈનો સમયગાળો હતો, જ્યારે ઉત્તર અમેરિકા માટે તે બીજો સૌથી ગરમ સમય હતો.

હવામાનશાસ્ત્રીઓ કહે છે કે પૃથ્વી ખૂબ જ ઝડપથી ગરમ થઈ રહી છે. જો તાપમાન આમ જ વધતું રહેશે તો આ પૃથ્વી પર્યાવરણ અને પ્રાણીઓ તેમજ મનુષ્યો માટે સુરક્ષિત નહીં રહે. તાપમાનમાં વધારો સમુદ્ર માટે પણ નુકસાનકારક છે. વૈશ્વિક સ્તરે, દરિયાની સપાટીનું તાપમાન પણ રેકોર્ડમાં બીજા ક્રમનું સૌથી ગરમ હતું. જો કે, તેની સાથે તેણે સતત ૧૫ મહિના સુધી સમુદ્રના તાપ માનમાં વધારો થવાનો રેકોર્ડ પણ બંધ કરી દીધો. જુલાઈમાં સમુદ્રની સપાટીનું તાપમાન સમગ્ર વિશ્વમાં સામાન્ય કરતાં વધુ હતું, જ્યારે ઉષ્ણકટિબંધીય અને દક્ષિણ-પૂર્વ પેસિફિકના ભાગોમાં તાપમાન સરેરાશ કરતાં ઓછું રહ્યું હતું.

# છતરપુર રોડ અકસ્માતમાં સાત લોકોના મોત, પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત





છતરપુર,તા.૨૦

છતરપુરમાં એક કરૂણ અકસ્માત સર્જાયો હતો. અત્યાર સુધીમાં સાત લોકોના મોત થયા છે. અકસ્માતની ભયાનકતાના સાક્ષી એવા લોકો કહી રહ્યા છે કે મૃત્યુઆંક વધી શકે છે. જોકે, છતરપુરની હોસ્પિટલમાં પાંચ લોકોને બચાવવાના પ્રયાસો ચાલુ છે. આ તમામ લોકો બાગેશ્વર ધામના દર્શન કરવા નીકળ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ તમામ શ્રદ્ધાળુઓ ઉત્તર પ્રદેશના ફરુખાબાદના રહેવાસી છે.

તમને જણાવી દઈએ કે આ ભયાનક અકસ્માત છતરપુરથી પસાર થતા નેશનલ હાઈવે ૩૯ પર થયો છે. મળતી માહિતી મુજબ કેટલાક લોકો બાગેશ્વર ધામના દર્શન કરવા માટે છતરપુર પહોંચ્યા હતા. આ લોકો છતરપુર રેલ્વે સ્ટેશન પર ઉતર્યા અને ઓટો ભાડે કરીને બાગેશ્વરધામ એટલે કે ગધા ગામ તરફ ગયા. તે મનમાં દર્શનની ઈચ્છા સાથે મુસાફરી કરી રહ્યો હતો, પરંતુ અચાનક સવારે ૫ વાગ્યાની આસપાસ તેની ઓટો આગળ જઈ રહેલી ટ્રક સાથે અથડાઈ હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ઈજાગ્રસ્તો પણ બેભાન થઈ ગયા હતા. જોરદાર ટક્કરનો અવાજ સાંભળી લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. હૃદયદ્રાવક દ્રશ્ય જોઈને સૌ કોઈ ગભરાઈ ગયા હતા. કેટલાક લોકોએ મદદ માટે એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી, કેટલાક લોકોએ પોતાની જાતે મદદ કરવાનો પ્રયાસ શરૂ કર્યો. જો કે, તે કહેવું મુશ્કેલ છે કે ઓટો ડ્રાઈવરે તેજ ગતિએ ટ્રક સાથે ટક્કર મારી કે પછી ટ્રકે અચાનક બ્રેક લગાવી.

પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં મોકલ્યા અને મૃતદેહોને પોસ્ટ-મોર્ટમ માટે મોકલી દીધા. હોસ્પિટલમાં પહોંચેલા છ ઘાયલોમાંથી બેના સારવાર દરમિયાન મોત થયા હતા. ચાર લોકો હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

સિવિલ લાઈન પોલીસ સ્ટેશનના પ્રભારી વાલ્મિક ચૌબેએ જણાવ્યું કે ઓટો છતરપુર રેલવે સ્ટેશનથી ૧૨ શ્રદ્ધાળુઓ સાથે બાગેશ્વર ધામ જઈ રહી હતી. એવું માનવામાં આવે છે કે ડ્રાઈવર ઊંઘી ગયો અને ઓટો ટ્રક સાથે અથડાઈ ગયો. મૃતકોમાં દોઢ વર્ષની બાળકીનો સમાવેશ થાય છે. આ અકસ્માતમાં ઓટો ડ્રાઈવર પ્રેમ નારાયણ કુશવાહ સાથે જનાર્દન, મનુ શ્રીવાસ્તવ, નાન્હે, ગોવિંદ, લાલુ, અંશિકા (ઉંમર દોઢ વર્ષ)નું મોત થયું હતું.

# બોર્ડર વિસ્તારમાંથી ૧૫ કરોડની કિંમતનો માદક પદાર્થ જપ્ત, સર્ચ ઓપરેશન યથાવત



નવીદિલ્હી,તા.૨૦

પાકિસ્તાનમાંથી ભારતમાં ડ્રગ્સ ઘૂસાડવાની પ્રવૃતિ અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આ ક્રમમાં સોમવારે રાત્રે ફરી એકવાર હેરોઈનનો મોટો જથ્થો ઝડપાયો હતો. સંયુક્ત કાર્યવાહીમાં, BSF અને પોલીસે અનુપગઢ જિલ્લાના સમેજા કોઠી વિસ્તારમાં ભારત-પાક સરહદી વિસ્તારમાં ત્રણ કિલો હેરોઈન જપ્ત કર્યું છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

મળતી માહિતી મુજબ સોમવારે રાત્રે બીએસએફ અને પોલીસે રાયસિંહનગર સર્કલના સમેજા કોઠી પોલીસ સ્ટેશન વિસ્તારના ગામ ૪૩ અને ૪૪ પીએસ વચ્ચે હેરોઈનનું પેકેટ ઝડપ્યું હતું. પેકેટ મળવાની માહિતી મળ્યા બાદ પોલીસ અને બીએસએફના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ પેકેટમાં ત્રણ કિલો હેરોઈન હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત લગભગ ૧૫ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. હેરોઈન મળ્યા બાદ,બીએસએફ અને પોલીસે વિસ્તારની નાકાબંધી કરી અને સઘન સર્ચ ઓપરેશન શરૂ કર્યું. દરેક વાહનની સઘન તપાસ કરવામાં આવી રહી છે અને શંકાસ્પદ વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી રહી છે. ગ્રામજનોને પણ કહેવામાં આવ્યું છે કે તેઓને કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ વિશે માહિતી હોય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરાવામાં આવી છે.

બે દિવસ પહેલા પાકિસ્તાનથી હેરોઈનની દાણચોરીના કેસમાં પોલીસે ત્રણ દાણચોરોની ધરપકડ કરી હતી. જેમાં બે દાણચોરો પંજાબના અને એક સમેજા કોળી વિસ્તારના હતા. આજે પણ બીએસએફ અને પોલીસે આ જ વિસ્તારમાંથી હેરોઈન ઝડપ્યું છે. આ દાણચોરો પાકિસ્તાનના દાણચોરોને હેરોઈનનું ડ્રોપ લોકેશન મોકલતા હતા, ત્યારબાદ ડ્રોન દ્વારા હેરોઈનના પેકેટ પાકિસ્તાનમાંથી ઉતારવામાં આવે છે. આ પેકેટોની ડિલિવરી લેવા માટે સ્થાનિક દાણચોરો સરહદની નજીક પહોંચી જાય છે.

# મધ્યપ્રદેશના બગદરા ગામમાં દારૂ પર પ્રતિબંધ, ખરીદ-વેચાણ માટે રૂ. ૫૦,૦૦૦નો દંડ

ભોપાલ,તા.૨૦

મધ્યપ્રદેશના બાલાઘાટના એક ગામના લોકોએ એક અનોખો નિર્ણય લીધો છે. યુવાનોમાં વધતા જતા નશાની લત અને પરસ્પર ઝઘડાઓ જોઈને ગ્રામજનોએ દારૂબંધી અને ગામને નશા મુક્ત બનાવવાની દિશામાં એક પગલું ભર્યું છે. બાલાઘાટના બગદરા ના ગ્રામજનોએ હવે જાતે જ નશાની લત સામે અભિયાન શરૂ કર્યું છે. ગ્રામજનોએ ભેગા મળીને દારૂ પીવા અને નશામાં આવવા તેમજ દારૂ બનાવવા પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય લીધો છે. આ અંગે ગામમાં જાહેરાત કરવામાં આવી છે. વ્યસન મુક્તિના નિયમોનો ભંગ કરનાર અને ગામમાં દારૂ વેચનારા પર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ અને માહિતી આપનારને ૧૦,૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે.

બાલાઘાટ જિલ્લા મુખ્યાલય પાસે આવેલા બગદરા ગામના રહેવાસીઓએ નશાની લત સામે અવાજ ઉઠાવ્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે ગામમાં દારૂનું વેચાણ કરનારાઓને દંડ કરવામાં આવશે અને જે માહિતી આપશે તેમને ઈનામ આપવામાં આવશે. જાહેરનામામાં જણાવવામાં આવ્યું હતું કે જે કોઈ ગામમાં દારૂનું વેચાણ કરતા પકડાશે તેને દંડ કરીને પોલીસને હવાલે કરવામાં આવશે. આ અંગે ૧૮મી ઓગસ્ટની મોડી રાત્રે ગામમાં ડીજે સાથે રેલી કાઢીને જાહેરાત કરવામાં આવી હતી. રેલીમાં મોટી સંખ્યામાં ગામના બાળકો, યુવાનો, વડીલો અને મહિલાઓ જોડાયા હતા.

ગ્રામજનોએ ડીજે સાથે રેલી યોજી દારૂબંધી અંગે સૌને માહિતગાર કર્યા હતા. રેલી કાઢીને લાઉડ સ્પીકર દ્વારા લોકોને માહિતી આપવામાં આવી હતી. લોકોએ જણાવ્યું કે પહેલા બગદરા એક ઓળખ ધરાવતા હતા પરંતુ હવે તેની ઓળખ દારૂ, જુગાર અને સટ્ટાબાજીથી થઈ રહી છે. જેના કારણે પંચાયત અને ગામના જાગૃત લોકોએ ગામને નશા મુક્ત બનાવવાનો નિર્ણય લીધો છે. ગામને નશામુક્ત બનાવવા જાગૃત ગ્રામજનોએ ૧૮મી ઓગસ્ટને રવિવારે સમગ્ર ગામમાં રેલી કાઢીને ગામમાં દારૂના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા અપીલ કરી હતી. પંચાયતના સરપંચ યેશુલા નાગપુરેએ જણાવ્યું હતું કે દારૂબંધી અંગે ગ્રામજનો સાથે બેઠક યોજીને વૃદ્ધોએ નિર્ણય લીધો છે કે ગામમાં દારૂ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત ગ્રામજનો સાથે પંચાયત પરિવારે રેલી કાઢી હતી. જેમાં ગામને નશામુક્ત બનાવવા તમામ ગ્રામજનોને સહકારની અપીલ કરવામાં આવી હતી. ગ્રામજનો દ્વારા એક કડક નિયમ પણ બનાવવામાં આવ્યો છે જેમાં દારૂ વેચનારા પર ૫૦ હજાર રૂપિયાનો દંડ અને માહિતી આપનારને ૧૦ હજાર રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

# રાહુલ ગાંધીએ તેમના પિતા રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી



સદભાવના દિવસે રાહુલ ગાંધીએ પોતાના પિતાને શ્રદ્ધાંજલિ આપી. આજે ભારતના પૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની ૭૯મી જન્મજયંતિ છે. રાજીવ ગાંધીની જન્મજયંતિની યાદમાં દેશમાં દર વર્ષે સદભાવના દિવસની ઉજવણી કરવામાં આવે છે. ૧૯૯૨ માં, રાજીવ ગાંધીના મૃત્યુના એક વર્ષ પછી, કોંગ્રેસે રાજીવ ગાંધીની યાદમાં ૨૦ ઓગસ્ટની સદભાવના દિવસ (ગુડ વિલ ડે)ની ઉજવણી જાહેરાત કરી હતી. રાજીવ ગાંધી ૪૦ વર્ષની ઉંમરે વડાપ્રધાન બન્યા અને તેના પછી માંડ સાત વર્ષ જીવ્યા. જો તેઓ લાંબું જીવ્યા હોત તો તેઓ તેમના પ્રથમ કાર્યકાળ કરતાં પણ વધુ સફળ વડા પ્રધાન બન્યા હોત તેવું લોકોનું માનવું છે. સદભાવના દિવસ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી લઈને કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ મલ્લિકાર્જુન ખડગે, શ્રી જયરામ રમેશ અને કે.સી વેણુગોપાલ સહિતના નેતાઓએ રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી. મલ્લિકાર્જુન ખડગે કહ્યું કે આજે દેશ ગુડવિલ ડે મનાવી રહ્યો છે. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી ભારતના મહાન સપૂત હતા. તેમણે કરોડો ભારતીયોમાં આશાનું કિરણ જગાવ્યું અને તેમના અભૂતપૂર્વ યોગદાનથી ભારતને ૨૧મી સદીમાં લઈ ગયા.આ ઉપરાંત કે.સી. વેણુગોપાલ, જયરામ રમેશ સહિતના નેતાઓએ શ્રધ્ધાંજલિ આપી હતી

## સંક્ષિપ્ત સમાચાર

# નખત્રાણાના પ્રાચીન સીધેશ્વર મહાદેવ મંદિરે ભવ્ય મહાઆરતી



નખત્રાણા તા.૨૦

નખત્રાણા ના પ્રાચીન સીધેશ્વર મહાદેવના મંદિરે રોયલ સ્પોર્ટ્સ કલબ દ્વારા ભવ્ય મહાઆરતી નું આયોજન કરવામાં આવ્યું હતુ આ પ્રસંગે કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડા ,અબડાસાના ધારાસભ્ય પદ્યુમનસિંહ જાડેજા, પશ્ચિમ કચ્છ હોમગાર્ડ કમાન્ડન્ટ મનીષ બારોટ, ચંદનસિંહ રાઠોડ રાજેશ પલન, જયસુખ પટેલ,લાલજી રામાણી,મયુર વાઘેલા,કાનજી કાપડી,ધર્મેશ કેશરણી, કેતન શાહ, મનીષ દરજી, ખુશાલ મહેતા, અક્ષય શાહ, રામ ભટ ,જીતેન્દ્રસિંહ જાડેજા, વસંત વાઘેલા, યશવંતસિંહ રાઠોડ, હિરેન વ્યાસ, પ્રકાશ જોશી, લક્ષ્મણસિંહ સોઢા,જેન્તી ભટ્ટ, ગિતેશ મહેતા, રવિ નામોરી, સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.મેહુલ પલન તથા ખીમરાજ ગઢવી ઓકેસ્ટ્રા એ લોકો ને શિવ ભક્તિમાં લિન કર્યા હતા.રોયલ કલબ દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી નિયમિત મહાઆરતી આયોજીત કરાય છે.

વિનોદ ચાવડાએ રોયલ સ્પોર્ટ્સ કલબની આ ધાર્મિક ભાવના ને બિરદાવી હતી અને મંદિરના વિકાસમાં સંપૂર્ણ સહયોગ ની ખાતરી આપી હતી પ્રદ્યુમનસિંહ જાડેજા એ દર વર્ષે અહીં ભોળાનાથ ની ભક્તિ કરવાનો અવસર આપવા બદલ આભાર માન્યો હતો પૂજારી બકુલપુરી એ આરતી ઉતારી મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકને શિવભક્તિમાં લીન કર્યા હતા.

# નિરોણા જાગેશ્વર મહાદેવ મંદિરનો બીજો પાટોત્સવ ઉજવાયો



નિરોણા તા.૨૦

નિરોણા ખાતે જાગેશ્વર મહાદેવનું બે વર્ષ પહેલાં જીર્ણોદ્ધાર કરવામાં આવેલ ત્યારે આજે બીજો પાટોત્સવ હોમ હવન ,આરતી, મહાપ્રસાદ, જેવા કાર્યક્રમો યોજી આ મંદિરની આસ્થા વૈષ્ણવ સમાજ ભાનુશાલી સમાજ અને ગામની અન્ય સમાજ સાથે રહીને ઉજવી હતી આ મંદિર ૧૦૦ વર્ષ કરતા વધુ જુનુ છે. જે ભાઈલાલ મહારાજના મંદિર તરીકે ઓળખાતુ આ જાગેશ્વર મહાદેવનું મંદિર નો પુન નિર્માણ કરી ફરી બીજો પાટોત્સવ ધામ ધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો જેમાં જાગેશ્વર સમિતિ બાલકૃષ્ણ ભાનુશાલી ,મોહન સુથાર, નારાયણ દરજી, માવજી પુજારા, વાણંદ જયંતી, વિનોદ ગજરા, હર્ષદ, ઠક્કર, વૈષ્ણવ સમાજના રાજુ દરજી, મનીષ ભાટીયા, ઉમેશ આચાર્ય, આ મંદિરમાં જેનો હંમેશા સહયોગ રહે છે એવા મોહનલાલ ઉમરસિંહ ભાનુશાલી પરિવારના પૂર્વ સરપંચ નિરોણા રાજુ મોહનલાલ ભાનુશાલી, અરવિંદ ભાનુશાલી, અનિલ ગજરા, લક્ષ્મીદાસ ભાનુશાલી, દયારામ, રાણા સુથાર શંભુ સુથાર, વગેરે હાજર રહ્યા હતા સમગ્ર કાર્યક્રમમાં ભૂદેવ તરીકે જય ક્રિષ્ના કેવડીયા અને તેમની ટીમ એ વિધિ સંપન્ન કરી હતી મોટી સંખ્યામાં ગામ લોકોએ ઉત્સવમાં જોડાઇ લાભ લીધો હતો

# માંડવી જિનાલયમાં ભક્તિ ભાવપૂર્વક ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો

માંડવી તા.૨૦

માંડવી તપગચ્છ જૈન સંઘના ઉપક્રમે શ્રી શીતલનાથ પ્રભુજી અને ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજી જિનાલયમાં ભક્તિ ભાવ પૂર્વક ધ્વજા રોહણનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. જૈનાચાર્યશ્રી યશોવિજય સુરીશ્વરજી મહા રાજા આદિ સાધુ ભગવંતો અને સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં સોમવારના સવારના શીતલમંડળ અને ત્રિશલા મંડળના બહેનોએ ભણાવેલી સતરભેદી પૂજામાં સકળસંઘના ભાઈ,બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શીતલનાથ પ્રભુજીની તથા સર્વે ધ્વજા લઈને પ્રદક્ષિણા કરવાનો લાભ સુરજબેન હેમચંદ બોરીચા,હસ્તે વિદ્યાન જીનેશ બોરીચાએ, ધ્વજા ચડાવવાનો લાભ અર્હમ પરીન શાહે, ઘુમ્મટ ની ધ્વજા ચડાવવાનો લાભ ગુણવંતીબેન ભોગીલાલ શાહે, ચોકીયારીની ધ્વજા ચડાવવાનો લાભ કમલાબેન ધરમશી શાહે, યક્ષ યક્ષિણીની ધ્વજા ચડાવવાનો લાભ મહેતા તરુણ રમણીકલાલે, ચૌમુખી પાર્શ્વનાથ પ્રભુજીની ધ્વજા ચડાવવાનો લાભ સૂરજબેન હેમચંદ બોરીચા હસ્તે જ્યોત્સનાબેન લહેરી બોરીચા એ, પ્રદક્ષિણામાં ધ્વજા આગળ



દીપક લઈને ચાલવાનો લાભ મીઠીબેન ગોકલદાસ શાહે, ધ્વજા આગળ જમણી બાજુ ચામર લઈને ચાલવાનો લાભ જડાવબેન વાડીલાલ શાહે, પ્રદક્ષિણામાં ધ્વજા આગળ ધૂપ લઈને ચાલવાનો લાભ હેતલ ભરત શાહે અને ધ્વજાની ડાબી બાજુ ચામર લઈને ચાલવાનો લાભ મહેતા તરુણ રમણીકલાલે લીધો હતો,આરતીનો લાભ પૂર્ણિમાબેન વૃજલાલ સંઘવીએ, મંગલદિવાનો લાભ શાહ કાનજી ઠાકરશી પરિવારે અને શાંતિકળશનો લાભ પ્રફુલાબેન ટૂમેન શાહે લીધો હોવાનું માંડવી તપગચ્છ જૈન સંઘના પ્રમુખ મીડિયા કન્વીનર દિનેશ શાહે જણાવ્યું હતું, આ પ્રસંગે તપગચ્છ જૈન સંઘ તર-ફથી બુંદીના લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી.

# કચ્છ સંગ્રહાલય બેસ્ટ ફોટોગ્રાફસનું પ્રદર્શન આજે યોજાશે

ભુજ તા.૨૦

કચ્છ સંગ્રહાલય, ભુજ દ્વારા આઝાદીના અમૃત કાળ દરમિયાન આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (તા. ૧૨/૦૮/૨૦૨૪), સ્વતંત્રતા દિવસ (તા. ૧૫/૦૮/૨૦૨૪) તથા વિશ્વ ફોટોગ્રાફી દિવસ (તા. ૧૯/૦૮/૨૦૨૪) ને સાંકળીને કચ્છ સંગ્રહાલય, ભુજ દ્વારા મારુ કચ્છ :કલા, કલાકાર અથવા કારીગર સાથે આખો દિવસ (An Entire Day with Art, Artist or Artisan) વિષય પર ફોટોગ્રાફી હરીફાઈનું ગત વર્ષ ની સફળતા બાદ આ વર્ષે પણ આયોજન કરી તા. ૦૫/૦૮/૨૦૨૪ ના રોજ જાહેરાત કરવામાં આવી હતી.જે અંતર્ગત તા. ૦૬/૦૮/૨૦૨૪ થી તા. ૧૫/૦૮/૨૦૨૪ દરમિયાન સ્પર્ધકોએ પોતાની પસંદગીના, કલા, કલાકાર કે કારીગર સાથે આખા દિવસ દરમિયાનની અહમ ભુમિકા દર્શાવતી ઓછામાં ઓછી ૨ થી ૫ ફોટોગ્રાફ સાથે પોતાની અનુભૂતિ શબ્દોમાં પરોવી (સ્ટોરી લાઈન) ફોટોગ્રાફીના માધ્યમથી રજૂઆત કરવાની હતી. તા. ૧૫/૦૮/૨૦૨૪ સુધીમાં ગુગલ ફોર્મ ભરી, પોતાના ફોટોગ્રાફ દરેક સ્પર્ધકે પોતાના સોશિયલ મીડિયા પેઈજ ટેગ કરવા જણાવાયું હતું. ફોટોગ્રાફી અને વિરાસત ક્ષેત્રના નિષ્ણાંત નિર્ણાયકોની સમિતી દ્વારા પંસદગી પામતાં બેસ્ટ ફોટોગ્રાફસ પ્રદર્શન બુધવાર તા. ૨૧/૦૮/૨૦૨૪ ના રોજ સાંજે ૦૫:૩૦ વાગ્યે કચ્છ સંગ્રહાલય ખાતે ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિ. ભુજ ના કુલપતિ, ડો.મોહન પટેલના હસ્તે નાગરિકો માટે ખુલ્લુ મુકવામાં આવશે.આ પ્રદર્શન તા. ૨૨ થી ૨૪ સુધી સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી નિ:શુલ્ક જોવા મળશે.આ નિર્ણાયક સમિતી દ્વારા પસંદગી પામેલા મારૂ કચ્છ ૨૦૨૪ ના સ્પર્ધકને પ્રદર્શનનાં ઉદઘાટનનાં દિવસે એટલે કે તા.૨૧ ઓગસ્ટ ના રોજ નવાજવામાં આવશે. તેમજ, અન્ય સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. તેવું કયુરેકટર, કચ્છ સંગ્રહાલયની અખબારી યાદીમાં જણાવાયું છે.

# આજે વાંઢાયમાં 'મધુર દાંપત્યજીવન પરિસંવાદ યોજાશે

આણંદપર(યક્ષ) તા.૨૦

ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય ખાતે તા. ૨૧/૮/૨૪ને બુધવારે સવારે ૯:૦૦ કલાકે નવપરિણીત યુગલો અને જ્ઞાતિજનોને ઉપયોગી એક સેમિનાર રાખવામાં આવ્યો છે.જેમાં મંગલધામ આશ્રમ, નાગલપરના સાધ્વી જયશ્રીદીદી "મધુર દામ્પત્ય જીવન'' પર માહિતીસભર અને જ્ઞાનપૂર્ણ વક્તવ્ય આપશે.આ સેમિનારમાં વર્તમાન સામાજીક્ સમસ્યા ભાગેડુ લગ્ન ઉપરાંત આદર્શ માતા-પિતા (પેરેન્ટિંગ) કેમ બની શકાય ? તે વિશે ચિંતનસભર વક્તવ્ય અને સમજ સાધ્વી અપાશે જે દામ્પત્યજીવનને ઉપયોગી બની રહેશે ઉપરોક્ત વિષયોને લગતા પ્રશ્નો પૂછીને પણ શ્રોતાઓ માહિતી મેળવી શકશે. આ કાર્યક્રમમાં ગત અખાત્રીજના વાંઢાય ખાતે યોજાયેલા સમૂહલગ્નમાં જોડાયેલી કન્યાઓને રોકડ કન્યાદાન અગ્રણીઓના હસ્તે અર્પણ કરવામાં આવશે આ કાર્યક્રમમાં અત્યાર સુધીમાં સમૂહલગ્નમાં જોડાયેલા નવયુગલો તેમજ તેમના વાલીઓ ઉપરાંત સેમિનારમાં રસ ધરાવતા કોઈપણ ભાઈ-બહેનોને ઉપ સ્થિત રહેવા આહવાન આયોજન સમિતિના મહામંત્રી રમેશ પોકાર દ્વારા કરવામાં આવ્યું છે.

# પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતી એ કોંગ્રેસ દ્વારા શ્રદ્ધાસુમન




ભુજ તા.૨૦

ભારત દેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો પાયો નાખનાર સૌથી નાની વયે વડાપ્રધાન બનનાર રાજીવ ગાંધીની ૮૦મી જન્મ જયંતી નિમિત્તે કચ્છ જિલ્લા કોંગ્રેસ ભવન ખાતે શ્રદ્ધાસુમન અર્પણ કરાયા હતા આ પ્રસંગે ભુજ શહેર કોંગ્રેસ પ્રમુખ કિશોરદાન ગઢવીએ રાજીવ ગાંધીના મહત્વ પૂર્ણ નિર્ણયોને યાદ કર્યા હતા વિજ્ઞાન ટેકનોલોજી, કોમ્પ્યુટર, મોબાઈલયુગ વિગેરેની ક્રાન્તિમાં રાજીવ ગાંધીજી નો ૧૦૦ ટકા ફાળો છેયુવાનોને મતાધિકાર, મહિલાઅનામત,ગ્રામપંચાયતોનું સશક્તિકરણ, પોલિટેકનિક તેમજ એન્જિનિયરિંગ કોલેજોની શરૂઆત વિગેરે ઉપલબ્ધિઓ એ રાજીવ ગાંધીની ભારત રાષ્ટ્રને ભેટ છે ઉત્તર બુનિયાદી શિક્ષણ ના ભાગરૂપે જવાહર નવોદય વિદ્યાલય દ્વારા લાખો યુવાનોને નોકરીઓ મળી છે અને બોર્ડર એરીયા ડેવલોપમેન્ટ પ્રોગ્રામ રાજીવ ગાંધીએ શરૂ કરેલ જે આજની સરકારે બંધ કરી સરહદની પ્રજા સરહદી પ્રજા સાથે ઘોર અન્યાય કરેલ છે જે બાબત પણ ખૂબ જ દુઃખદ જ છે તેઓના સ્વપ્નનું રાષ્ટ્ર બનાવવા ભારતવાસીઓને આહવાન કર્યુ હતુ આ શ્રદ્ધાસુમન અર્પણ કરતી વેળાએ આગેવાનો રામદેવસિંહ જાડેજા,ગની કુંભાર લાખાજી જાડેજા, કાસમ સમા ,ધીરજ ગરવા, એચએસ આહીર, અકીલ મેમણ, જયંતી પારેખ, શક્તિસિંહ ચૌહાણ, સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજમાં દેશભક્તિના ગીત ગાતા મૃત્યુને ભેટેલા ગાયિકાને શ્રદ્ધાંજલિ

ભુજ તા.૨૦

વૃક્ષમિત્ર સંસ્થા દ્વારા ૧૫ ઓગસ્ટના આયોજિત દેશ ભક્તિના એક કાર્યક્રમ દરમ્યાન ભુજના આશાસ્પદ ગાયિકા આરતીબેન રાઠોડ ગીત ગાતા ગાતા જ હૃદય રોગના હુમલાના કારણે સ્થળ પર મૃત્યુને ભેટયાએદુ:ખદબનાવબદલસપ્તરંગ સંસ્થાના પ્રમુખ ઝવેરીલાલ સોનેજી, ઉપપ્રમુખ જગદીશ ભટ્ટ, રસિક મકવાણા, ભગીરથ ધોળકિયાએ એક ઉમદા ગાયીકાને ગુમાવ્યા બદલ ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી, આરતીબેનને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. સ્વતંત્રા દિવસના




આયોજીત કાર્યક્રમ દરમ્યાનજ મોતથી સમગ્ર કચ્છના સંગીત પ્રેમીઓ તથા આમ લોકોમાં પણ આ ઘટનાથી શોક છવાયો હતો

# સ્વંયભૂ પ્રગટ થયેલ ધુબડી મહાદેવજીનું પ્રાચીન મંદિર

ભુજ તા.૨૦

નખત્રાણા તાલુકાના વડવા (કાયાંજી) ગામથી ૨ કી.મી દૂર ખીરસરા રોહા જતા માર્ગે પર સ્વંયભૂ પ્રગટ થયેલ શ્રી ધુબડી મહાદેવજીનું પ્રાચીન મંદિર આવેલ છે,મંદિરની આસપાસનો કુદરતી સોંદર્યનો નજારો અને મંદિરની ભવ્યતા જોનારને આશ્ચર્ય ચકિત કરી નાખે છે. સ્વયંભૂ પ્રગટ થયેલ શિવલિંગ પર પ્રથમ નાની નાજુક એવી દેરી હતી. મંદિરના પૂજારી ભરત ભારથીના જણાવ્યા મુજબ આ ધુબડી મહાદેવ મંદિરનું પૂર્ણ નિર્માણ આજથી અંદાજિત ૯૫ વર્ષ અગાઉ કચ્છ ગઢશીશા નિવાસી પંડિત નારણજી અરજુન દ્વારા મંદિરના નવનિર્માણની સાથે સ્થાનકે ગૌશાળા તથા ધર્મશાળા પણ બંધાવેલ છે જે આજે પણ મોજૂદ છે. અને મંદિરના પટાંગણમાં પડિત નારણજી અર્જુનની તખ્તી લાગેલી છે.

આ મંદિરની સેવાપૂજા વડવા






(કાયાંજી)ના દશનામ ગોસ્વામી ભારથી પરિવારના પ્રથમ પૂજારી પ્રેમભારથી, પાનભારથી, મીઠુભારથી, બાલભારથી, ભરતભારથી, મિતભારથી તથા હાલની સાતમી પેઢીના શિવાંશ ભારથી પરિવાર મંદિરની સેવા પૂજા સાથે જોડાયેલ છે,મંદિરની સેવા ઉપરાંત દર્શનાર્થીઓની જરૂરી સવલતો પુરી પાડવામાં તન મન અને ધનનો ભોગ આપવામાં આવે છે. પવિત્ર શ્રાવણ માસ દરમિયાન દર વર્ષે મંદિરમાં શિવ મંડપ, રાત્રે ચાર પ્રહરની પૂજા તેમજ સંતવાણી જેવા અનેક ધાર્મિક કાર્યનું આયોજન કરવામાં આવે છે, અનેક ધાર્મિક કાર્યો શ્રાવણ માસની અમાસ સુધી થતાં રહે છે, ઉપરાંત શ્રાવણ સુદ ચૌદશની રાત્રે ભજનિક હરિભાઈ ગઢવી દ્વારા દર વર્ષે સંતવાણી રજૂ કરવામાં આવે છે, ખાસ કરીને શ્રાવણ સુદ પૂનમ (રક્ષા બંધનના) દિવસે શિવભક્તો દ્વારા મંદિર પરિસરથી મહાદેવની ભવ્ય શોભાયાત્રા ધૂમધામથી કાઢવામાં આવે છે, અહીં ભક્તો દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી પણ કરવામાં છે સ્વયંભૂ પ્રગટ થયેલ શિવલિંગને ખાસ શુદ્ધ ચાંદીનું કચ્છી નકશીકામ કરેલું અતિસુંદર શિવલિંગનું આવરણ કરવામાં આવેલ છે, જે કચ્છ કાદિયા નાના હાલે નખત્રાણા નિવાસી સોની ભરતભાઈ ડુંગરશી કટ્ટા અને તેમના પુત્ર સાગર દ્વારા શિવાર્પણ કરાયેલું છે. આ મંદિરનો ઈતિહાસ જાણવા લાયક છે, દાદાએ ભક્તોને અનેક પરચાઓ આપ્યા છે ધુબડી મહાદેવ મંદિરે દાદાના શરણે આવનાર કોઈ પણ ભાવિક ભક્તો ખાલી હાથે પાછા જતા નથી, મંદિરનો સંપૂર્ણ ઈતિહાસ એકવાર મંદિરના દર્શનાર્થે જશો તો ત્યાંના પૂજારી ભરતભારથી પાસેથી ચોક્કસ જાણવા મળશે,રાજાશાહી વખતે પણ મંદિરની સેવા પૂજા (પૂજારીને) ફળસ્તુતિ (મહેનતાણું) ભગવાન શિવ કંઈ રીતે આપતા તેનો લાંબો ઈતિહાસ પણ જાણવા લાયક છે,દરેક શિવભક્તોએ ધુબડી મહાદેવના દર્શનાર્થે જરૂરથી જવું જોઈએ

# રાપર તાલુકા વિકાસ અધિકારી એ ચાર્જ સંભાળ્યો



રાપર તા.૨૦

તાજેતરમાં રાજ્ય ના પંચાયત વિભાગ દ્વારા તાલુકા વિકાસ અધિકારીઓ ની બદલીઓ કરવામાં આવી હતી. તે મુજબ રાપર તાલુકા વિકાસ અધિકારી એ.આર ત્રિવેદી ની મુન્દ્રા ખાતે અને મોરબી જિલ્લાના માળીયા મિંયાણા ખાતે તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા ખોડુભા એમ.વાઘેલાની રાપર તાલુકા વિકાસ અધિકારી તરીકે બદલી કરવામાં આવી હતી રાપર તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારી ખોડુભા વાઘેલા એ ચાર્જ સંભાળતા તેમને આવકારવા માટે મદદનીશ તાલુકા વિકાસ અધિકારી હુશેન જીણેજા, ભુપતદાન ગઢવી, અમરસી પલસોંડ, સહિતના કર્મચારીઓ જોડાયા હતા અને આવકાર આપ્યો હતો એક મુલાકાતમાં નવ નિયુક્ત તાલુકા વિકાસ અધિકારી ખોડુભા વાઘેલા એ જણાવ્યું હતું કે સરહદી વિસ્તાર ધરાવતા રાપર તાલુકાના ૯૭ ગામો અને ૨૪૫ થી વધુ વાંઢ વિસ્તારમા આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી, રોડ, પાણી, તથા અન્ય વિકાસના કામો માટે પ્રયત્નશીલ રહેશે.અને બીઆરડીપી યોજના હેઠળ સરહદી વિસ્તારના વિવિધ વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેશે. તાલુકા પંચાયતના સુદ્રઢ વહિવટી પ્રક્રિયા સરળ બનાવવામા આવશે સાથે ગ્રામ પંચાયત કચેરી ખાતે તથા તાલુકા પંચાયત કચેરી ખાતે સામાન્ય લોકો તથા વિધાર્થીઓ અને વિધવા મહિલાઓ તથા વિધાર્થીનીઓ ને દાખલાઓમાં રાહ ના જોવી પડે અને તાત્કાલિક મળી રહે તે માટે બનતા પ્રયાસો કરશે એમ જણાવ્યું હતું.

# મુન્દ્રા નવા તાલુકા વિકાસ અધિકારીએ વિધિવત ચાર્જ સંભાળ્યો



મુન્દ્રા તા.૨૦

રાપરથી બદલીને આવેલા તાલુકા વિકાસ વિકાસ અધિકારીએ વિધિવત ચાર્જ સંભાળતા પ્રમુખ મહીપતસિંહ જાડેજાએ કચ્છી પાઘડી પહેરાવી શાલ ઓઢાળીને સન્માન કરી આવકાર આપ્યો હતો.

નવા ટીડીઓ અનિલ ત્રિવેદી એ રાપર તાલુકામાં ૯ માસ સુધી ટીડીઓ તરીકે ફરજ બજાવી હતી,આજે મુન્દ્રા તાલુકા પંચાયતમાં ચાર્જ સંભાળી લીધો હતો, તેઓ અગાઉ મુન્દ્રા ટીડીઓ તરીકે રહી ચૂક્યા છે,તેમની કામગીરી સ્વચ્છ અને પારદર્શી રહી હતી, વિપરજૉય વાવાઝોડા સમયે અસર ગ્રસ્તોને સહાય અપાવવા તેમની કામગીરી નોંધપાત્ર રહી હતી, ચાર્જ સંભાળ્યા બાદ તેમણે જણાવ્યું હતું કે, છેવાડાના ગરીબ લોકોને મદદરૂપ થવું અને તાલુકામાં ઝડપી વિકાસ કામો થાય તેને પ્રાથમિકતા આપવાની નેમ છે.

તા.વિ.અધિકારી શ્રી ત્રિવેદીને ધ્રબના સરપંચ પ્રતિનિધિ અસલમ તુર્ક,નાનાકપાયાના સરપંચ જખુ સોધમ, ઉપસરપંચ મહાવીરસિંહ ઝાલા,વવારના સરપંચ બાબુભાઈ ગઢવી, રાજપૂત ક્ષત્રિય સમાજના મહામંત્રી ચંદૂભા જાડેજાએ શાલ ઓઢાળીનેસન્માન કર્યું હતું,પ્રાગપર પોલીસ મથકના પી.આઈ હાર્દિક ત્રિવેદીએ હનુમાન દાદાની મૂર્તિ ભેટ આપી શુભેચ્છાઓ આપી હતી.

### શિક્ષણ અધિકારી દ્વારા શૈક્ષણિક,વહીવટી તેમજ વિદ્યાર્થીઓને લાગુ પડતી વિવિધ યોજનાઓનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

# સાંયરા(યક્ષ) ભીખુઋષી તળેટી મધ્યે એસવીએસ મીટીંગ

નખત્રાણા તા.૨૦

નખત્રાણાના સાંયરા(યક્ષ) મધ્યે આવેલ ભીખુઋષી તળેટીએ નખત્રાણા,લખપત અને અબડાસાનાં સંયુક્ત ઉપક્રમે એસ. વી.એસ.મિટિંગનું આયોજન જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારની અધ્યક્ષતમાં કરવામાં આવ્યુ હતુ.જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ભુજ કચ્છ દ્વારા નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાની



એસ.વી.એસ મીટીંગ નું આયોજન ભીખુઋષિ તળેટી સાંયરા (યક્ષ) ખાતે કરાયુ હતુ આ મીટીંગમાં DEO સંજય પરમાર, EI મન્સૂરી, AEI દિનેશ દેસાઈ અને અમિત ધોળકિયા, સમાજ કલ્યાણ, ભૂજથી ડો.બી.એન.રાઠવા, જીફજી નખત્રાણાનાં કન્વીનર હર્ષદ ગરવા અબડાસાના કન્વીનર સંજય શ્રીવાસ્તવ, લખપતનાં કન્વીનર જિતેશ ગોસ્વામી તથા ત્રણેય તાલુકાના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમાર દ્વારા શૈક્ષણિક અને વહીવટી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા વિદ્યાર્થીઓને લાગુ પડતી વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન આપ વામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીકાંત ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સંત ખેતાબાપા હાઈસ્કુલ અને સરકારી માધ્યમિક શાળા સાયરા(યક્ષ)એ જવાબદારી નિભાવી હતી.

# અંજારમાં જાહેરમાં માસ મટન વેંચાણથી લોકોમાં આક્રોશ

### ૨૦૦૧માં સરકારના લાખોના ખર્ચે બનેલી અલાયદી માર્કેટ નગરપાલિકા શરૂ કેમ નથી કરાવી શકતી ?

અંજાર તા.૨૦

શહેરની માસ-મટન-ફીશની બંધ પડેલ માર્કેટ સત્વરે શરૂ કરવા અંજાર વિકાસ સમિતિએ માંગ દોહરાવી છે માસ-મટન વેચાણ કરવા નવી બનાવાયેલ મટન-ફીશ માર્કેટ સત્વરે શરૂ કરવા અંજાર વિકાસ સમિતિએ નગરપાલિકા તેમજ સંબધીતો સમક્ષ માંગ કરતા જણાવ્યું હતું કે, શહેરના માસ-મટનના વેચાણ હાર્દ સમા રહેણાંક સહિતના વિસ્તારોમાં જાહેરમાર્ગોમાં ઠેક ઠેકાણે ખુલ્લેઆમ થઈ રહ્યા છે.

જાહેરમાં માસ મટન વેચાણ કે કત્લ કરવા પ્રતિબંધિત હોવા છતાં કાયદા નિયમોનો ભંગ થઈ રહ્યો છે,જેમાં શહેરમાં જૂની લાકડા બજાર, મોચી બજાર, નગરપ ાલિકાની સામેના ભાગે તેમજ ગંગાના-કા ઓકટ્રોય ચોકીથી કળશ સર્કલ સુધી અને અન્યત્ર હાટળાં ચાલે છે. જેના પર પગલા લેવા અને જાહેરમાં માસ-મટન વેચાણ નહિ કરવા અંજાર નગરપાલિકા દ્વારા તાજેતરમાં કહેવાતી ઝુંબેશ શરૂ કરાયેલ છે, આવા ધંધાર્થીઓ માટે સરકાર દ્વારા ભૂકંપ બાદ અલાયદી સુવિધા વાળી માસ-મટન માર્કેટ ગંગાનાકા ઈદગાહ પાસે લાખોના ખર્ચે નગરપાલિકાને બંધાવી આપેલ છે,છતાં મટન માર્કેટ જેમની તેમ બંધ પડેલ છે.

લોકોની લાગણી દુભાઈ રહી છે અને નારાજગી સાથે આક્રોશો પણ વ્યકત થઈ રહ્યા છે, જેથી માસ-મટન-ફીશના વેચાણ કરતા તમામને બંધ પડેલ મટન માર્કેટમાં સત્વરે બેસાડવા અંજાર વિકાસ સમિતિના પ્રમુખ મહેન્દ્ર કોટકે માંગ ઉઠાવી નગરપાલિકાના ચીફ ઓફિસર, નગરપતિ વૈભવ કોડરાણી, પ્રાંત અધિકારી અને કચ્છ કલેક્ટરને વિગતે પત્ર પાઠવી, ધારાસભ્ય ત્રીકમ છાંગા અને માજી રાજય મંત્રી વાસણ આહિર ને પણ સમયોચિત યોગ્ય રસ લેવા વિનંતી કરી છે.નગરપાલિકા લોકોની લાગણી ન દુભાય તે માટે ધાર્મિક સ્થળો વિસ્તારમાં માસ મટન વેંચાણ અટકાવવા મોટી મોટી જાહેરાતો કરે છે, ત્યારે સરકારના ખર્ચે બનેલી માસ મટનના ધંધાર્થીઓ માટે ખાસ બનેલી અલાયદી માર્કેટમાં બેસાડતા પાલિકાને કોણ રોકી રહ્યું છે ? એ સવાલ છે.

# અદાણી ગ્રીન એનર્જી થર્ટી-ટુ લી કંપનીની અપીલ કેસ કમી કરવાનો હુકમ

માંડવી તા.૨૦

નાયબ કલેકટર મુંદરા દ્વારા અદાણી ગ્રીન એનર્જી થર્ટી ટુ લી કંપનીની અપીલ અરજી કેસ રજીસ્ટરેથી કમી કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. મોજે મોડકુબા તા.માંડવી-કચ્છના સર્વે નંબર ૨૭૦ (જુના ૧૧૧) વાળી જમીનમા ગીરો નોંધ ૨૬ કરવા સંબંધે વર્ષ ૨૦૨૦ મા અદાણી ગ્રીન એનર્જી થર્ટી ટુ લી કંપનીના અધિકૃત વ્યકિત ધ્વારા સ્પે. મામલતદાર માંડવી-કચ્છ સમક્ષ કેસ દાખલ કરવામાં આવેલ હતો, જે કેસ કામે સ્પે.મામલતદાર માંડવી દ્વારા તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ અદાણી ગ્રીન એનર્જી થર્ટી ટુ લી કંપનીની અરજ નામંજૂર કરતો હુકમ કરવામાં આવેલ હતો, જે હુકમ સામે અદાણી ગ્રીન એનર્જી થર્ટી ટુ લી કંપનીના અધિકૃત વ્યકિત ધ્વારા નાયબ કલેકટર મુંદરા સમક્ષ અપીલ કરવામાં આવેલ હતી, જેની સામે રીસ્પોન્ડેન્ટેન્ડતરફેવાંધાતકરારલેવામાંઆવેલહતા,બંને પક્ષકારોની દલીલો બાદ નાયબ કલેકટર મુંદરા દ્વારા અદાણી ગ્રીન એનર્જી થર્ટી ટુ લી કંપનીની અપીલ અરજી કેસ રજીસ્ટરેથી કમી કરતો હુકમ તા.૨૬/૦૭/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ છે,જે કેસ કામે રીસ્પોન્ડેન્ટેના સ્વ.હરીસંગજી માલાજી જાડેજાના વારસ તે કુંમારસિંહ જીલુભા જાડેજાના એડવોકટ તરીકે મનોજ એચ. વિંઝોડાએ હાજર રહી દલીલો કરેલ હતી.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# આજે રાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ

વૃદ્ધોના અધિકારો માટે ઘણા કાયદા બનાવાયા છે. આવો જ એક કાયદો વરિષ્ઠ નાગરિક અધિનિયમ ૨૦૦૭ છે, જે વૃદ્ધોના અધિકારોનું રક્ષણ કરે છે અને તેમને સશક્ત બનાવે છે. આજે વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ છે, ૧૯૮૮ માં, પ્રમુખ રીગને ૨૧ મી ઓગસ્ટને યુ.એસ.માં રાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ તરીકે જાહેર કરવાની ઘોષણા કરી. ૨૧ મી ઑગસ્ટની તારીખ પણ પસંદ કરવામાં આવી હતી કારણ કે તે ભૂતપૂર્વ યુએસ પ્રમુખ બેન્જામિન હેરિસનના જન્મદિવસ સાથે મેળ ખાતી હતી, જે એક આદરણીય વરિષ્ઠ નાગરિકોના અધિકારના હિમાયતી છે વસ્તી વધી રહી છે. હાલમાં દેશમાં ૧૩.૮ કરોડ વૃદ્ધો છે. તેમના માટે અનેક સુવિધાઓ આપવામાં આવી રહી છે અને યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. વૃદ્ધોના અધિકારો માટે કાયદા પણ બનાવાયા છે. આવો જ એક કાયદો વરિષ્ઠ નાગરિક અધિનિયમ ૨૦૦૭ છે, જે વૃદ્ધોના અધિકારોનું રક્ષણ કરે છે અને તેમને સશક્ત બનાવે છે. જેની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ છે તેઓ સિનિયર સિટીઝન એક્ટના (Senior Citizens Act) હેઠળ આવે છે, એટલે કે જરૂર પડ્યે તેઓ તેનો ઉપયોગ કરી શકે છે. સામાન્ય રીતે વડીલો તેમની મિલકત અને મિલકત બાળકોના નામે ટ્રાન્સફર કરે છે. સાથે જ અપેક્ષા રાખે છે કે તેઓ તેમની કાળજી લેશે. બાળકો તેમને પ્રાથમિક સુવિધાઓ આપશે અને તેમની જરૂરિયાતો પૂરી કરશે. જો તેઓ આમ ન કરે તો વૃદ્ધો સિનિયર સિટીઝન એક્ટનો ઉપયોગ કરી શકે છે. વૃદ્ધો સાથેના આવા કિસ્સાઓને રોકવા અને જાળવવા માટે, વરિષ્ઠ નાગરિક અધિનિયમ (Senior Citizens Act) ૨૦૦૭ માં લાગુ કરવામાં આવ્યો હતો. આ અધિનિયમ દ્વારા, તેમને નાણાકીય શક્તિ, તબીબી સુરક્ષા, જરૂરી ખર્ચ અને રક્ષણ પૂરું પાડવા માટે કાયદો લાવવામાં આવ્યો હતો. ૬૦ વર્ષ કે તેથી વધુ વયના વડીલો આ કાયદા હેઠળ આવે છે. જેમાં જન્મજાત માતાપિતા, દત્તક માતાપિતા અને સાવકા માતા-પિતાનો સમાવેશ થાય છે. આવા માતા-પિતા અથવા વડીલો કે જેઓ તેમની મિલકત અથવા આવકમાંથી તેમના ખર્ચને પહોંચી વળવામાં અસમર્થ હોય, તેઓ આ વરિષ્ઠ નાગરિક કાયદા દ્વારા બાળકો પર ભરણપોષણનો દાવો કરી શકે છે. વડીલો એક કરતાં વધુ બાળકો પર ભરણપોષણનો દાવો કરી શકે છે. જેમાં પુત્રો, પુત્રીઓ અને પૌત્રોનો સમાવેશ થાય છે. જો કોઈ વૃદ્ધ વ્યક્તિને બાળકો ન હોય, તો તે પણ ભરણપોષણ માટે દાવો કરી શકે છે. જ્યારે વડીલની મિલકત અથવા મિલકતનો ઉપયોગ સંબંધીઓ દ્વારા કરવામાં આવી રહ્યો હોય ત્યારે આ દાવો કરી શકે છે. વૃદ્ધોની સંભાળ માટે મિલકતના માલિક અથવા તેના વારસદારનો દાવો કરી શકાય છે.વડીલો અત્યારે જ્યાં રહે છે અથવા જ્યાં પહેલા રહેતા હતા અથવા જ્યાં બાળકો અને સંબંધીઓ રહે છે તે ત્રણેય જગ્યાઓ પર તેમની અનુકૂળતા મુજબ દાવો કરી શકાય છે. તેઓ આ પ્રકારનો દાવો કરવા માટે સ્વતંત્ર છે.દરેક રાજ્યમાં આવા મામલાઓનો સામનો કરવા માટે વિશેષ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી છે. તેનું નેતૃત્વ સબ-ડિવિઝનલ ઓફિસર એટલે કે એસડીઓ કક્ષાના અધિકારી કરે છે. આવા કેસોની ફરિયાદ એસડીઓને લેખિતમાં અરજી આપીને કરી શકાય છે. ફરિયાદ માટે એસડીઓ કચેરીમાં જવું પડશે. અરજી નામ, સરનામું અને જરૂરી માહિતી સાથે સબમિટ કરવાની રહેશે. ફરિયાદની સુનાવણી દરમિયાન બાળકોને કોર્ટમાં બોલાવવામાં આવશે.



જાણ્યું અજાણ્યું
ડૉ.મિહિર એમ.વોરા

# હત્યાનો સીલસીલો યથાવત : હવે ભુજ-અંજારમાં હત્યાના બનાવ

**કચ્છમાં બે દિવસમાં અલગ-અલગ વિસ્તારોમા હત્યાના બે બનાવો સામે આવ્યા છે. ગઇકાલે ગાંધીધામ-માધાપરમાં હત્યાની ઘટના સામે આવી હતી તો બીજી તરફ ભુજ નજીક મળેલી એક લાશના કિસ્સામા પણ હત્યાની શંકા વ્યક્ત કરાઇ છે ત્યા અંજારમાં હત્યાનો બનાવ સામે આવ્યો છે**

કચ્છમાં હત્યાના બનાવો બે દિવસમા વધ્યા છે. બે દિવસમાં હત્યાના બે બનાવો વચ્ચે વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે ગઈકાલે ગાંધીધામમમાં પત્તા રમવાની બાબતે મનદુખમા એક યુવાનની હત્યા થઇ હતી તો માધાપરમાં આડા સંબધમાં ભાઈએજ ભાઈની હત્યા કરી હોવાનો બનાવ સામે આવ્યો હતો ત્યારે મંગળવારે અંજારમાં આધેડની હત્યાનો બનાવ સામે આવ્યો છે અંજારના વરસામેળી નજીકની સોસાયટીના ઝુંપડામાં અજાણ્યા વ્યક્તિએ મુળ બિહારના વતની શંભુ રામઆશિષ રામની હત્યા કરી નાંખવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. શ્રમીક બાજુમાં આવેલી કંપનીમાં કામ કરતો હતો દરમ્યાન રાત્રે કોઇ અજાણ્યા શખ્સ આવ્યો હતો અને ગંભીર રીતે તેને પથ્થરો વડે માર મારી ત્યાથી ફરાર થઇ ગયો હતો સાથે રહેતો શ્રમીક તેને હોસ્પિટલ લઇ ગયો હતો પંરતુ ત્યા તે મોતને ભેટતા બનાવ હત્યામાં પલ્ટાયો હતો પોલીસે અલગ-અલગ એંગલથી હત્યાની કડી મેળવવા માટે પ્રયત્નો હાથ ધર્યા છે. હાલ અજાણ્યા શખ્સ દ્વારા હત્યા કર્યાની મૃત્કના પરિજનની ફરીયાદ લઇ અંજાર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ તરફ માધાપરમા ભાઈની હત્યા કરનાર ભાઈની પોલીસે અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

**ભુજનો એ મામલો પણ હત્યાનો**

આ તરફ ભુજમાં એરપોર્ટ રોડ નજીકથી મેળલા એક પુરૂષના મૃત્દેહના કિસ્સામાં પણ હત્યાની શંકાએ પોલીસે તપાસ શરૂ કરી છે. મંગળવારે મોળી રાત્રે આ મામલે પોલીસ વિધીવત ફરીયાદ નોંધશે પરંતુ હાલ હત્યાની શંકાએ પોલીસે તપાસ આરંભી છે. સોમવારે મોડી રાત્રે આ અંગે જાણ થતા પોલીસ દોડતી થઇ હતી અને બી-ડીવીઝન પોલીસે ઘટના સ્થળે જઇ તપાસ આરંભી હતી જેમાં એક પુરૂષનો મૃત્દેહ મળી આવ્યો હતો જે બાબતે પોલીસે દિવસભર તપાસ કર્યા બાદ આ અંગે ફરીયાદ નોંધશે જો કે હાલ પોલીસે આ અંગે વધુ વિગતો આપવાનુ ટાળ્યુ હતુ આમ અંજાર અને ભુજ સહિત કચ્છમાં બે દિવસમાં ચાર હત્યાના બનાવો સામે આવ્યા છે. માધાપરમાં ભાઈની હત્યા કરવાના મામલે પોલીસે હત્યારા ભાઈની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

કચ્છમાં વધતા હત્યાના બનાવો વચ્ચે ચિંતાનો વિષય એ છે કે પશ્ચિમ કચ્છમા લાંબા સમયથી એસપી જેવી મહત્વની જગ્યા ઇન્ચાર્જ સોંપવામાં આવી છે અને લાંબા સમયથી કોઇ નિમણૂક સરકારે કરી નથી તેવામા હવે બે દિવસમા ચાર જેટલી હત્યાના મામલાઓ સામે આવ્યા બાદ આ મુદ્દો પર ચર્ચામાં આવ્યો છે જો કે તમામ મામલે પોલીસ સર્વગ્રાહી તપાસ કરી રહી છે.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# ક્રિકેટ સટ્ટામાં ગેરકાયદેસર નાણા વ્યવહાર કરાવતા આદીપુરના બે ઈસમો ઝડપાયા

ગાંધીધામ તા.૨૦

ક્રીકેટ સટ્ટામાં આવતા ગેરકાયદે નાણાંનો ગેરકાયદેસર વ્યવહાર કરવા વળતીયા માણસો સાથે મળી ગુનાહીત કાવતરૂ રચી અલગ અલગ લોકોને લોભ લાલચ આપી,અલગ અલગ બેંકમાં એકાઉન્ટ ખોલાવી એકાઉન્ટ હોલ્ડર પાસેથી એકાઉન્ટ કમીશન ઉપર વાપરવા સારૂ એકાઉન્ટની કીટ મેળવી સાયબર ક્રાઈમના ગુન્હા આચરતા ઈસમોને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન સરહદી વિભાગ ભુજ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે.



સાયબર કાઈમ પોસ્ટેના પો.ઈ. વાય કે ગોહિલને બાતમી મળેલ કે ગજવાણી રોડ આદીપુર ખાતેથી એક સફેદ કલરની ટોયોટા કારમાં આદીપુર ખાતે રહેતા નરેશ રમેશ સંગતાણી તથા ભરત મુકેશ નેનવાયા બંને રહે. આદીપુર.મળતીયા માણસો સાથે મળી ગુનાહીત કાવતરૂ રચી લોકોને લાલચ આપી તેઓની પાસે અલગ અલગ બેંકમાં એકાઉન્ટ ખોલાવી એકાઉન્ટ હોલ્ડર પાસેથી ૮ થી ૧૦ હજારમાં એકાઉન્ટ કમીશન ઉપર વાપરવા સારૂ એકાઉન્ટની કીટ મેળવી આ એકાઉન્ટનો ઉપયોગ ક્રીકેટ સટ્ટામાં આવતા ગેરકાયદેસર નાણાનો વ્યવહાર કરવા મુંબઈ મહારાષ્ટ્ર ખાતે રહેતા બાબુભાઈ બાળાને તમામ બેક્ક ખાતાની વિગત મોકલી આપી સાયબર ક્રાઈમના ગુન્હાની પ્રવૃતિ કરતા આવેલ છે, તેમજ હાલમાં તેમની ગાડીમાં કાળા કલરના થેલામાં ખોલાવેલ બેક્ક ખાતાઓની કીટો પડેલ છે,જે બાતમી આધારે વોચમાં રહી મજકુર ઈસમોને પકડી પાડી તેમની પાસે રહેલ વાહનમાં ચેક કરતા કાળા થેલામાં ૪૪ જેટલી અલગ અલગ વ્યક્તિઓના અલગ અલગ બેક્ક ખાતાઓની કિટો મળી આવેલ હતી. તેમજ પકડાયેલ ઈસમ નરેશ સંગતાણીએ પૂછપરછમાં જણાવેલ કે, તેને યાદ છે તે મુજબ અંદાજીત ૧૯ બેક્ક ખાતાઓમાં અંદાજીત ૧૩,૫૫,૦૦,૦૦૦/- (તેર કરોડ પંચાવન લાખ જેટલી રકમનો ગેરકાયદેસર નાણાકીય વ્યવહાર થયેલ છે,તે ખાતા ધારકના ખાતાઓ ખોલાવી ભાડેથી લેતો હતો તેમાં સાઉથ ઈન્ડીયન બેક્ક તથા એયુ સ્મોલ ફાઈનાન્સ બેક્કમાં ખોલાવેલ ખાતાઓ ગુગલ મેસેન્જર કયુ આર કોડ સ્કેન કરી તેને ક્રીકેટ સટ્ટાના ગેરકાયદેસર નાણાકીય ઉપયોગ માટે બાબુભાઈ બાળાને આપતો હતો. તેમજ અન્ય બેક્ક ખાતાઓના નાણાકીય વ્યવહારો કરવા માટે તે ખાતામાં મોબાઈલ નંબર વડે ઉપયોગમાં લઈ શકાય જેથી મોબાઈલ નંબરો ખાતામાં રજીસ્ટ્રેશન કરાવવાના થતા તે બાબુભાઈ બાળા મેસેજ કરી નંબરો આપતો હોવાનું કબૂલ્યુ હતું, તેમજ પકડાયેલ આરોપીઓ ખાતા દીઠ રૂ ૩૦,૦૦૦ કમીશન લેતા હોવાનું જણાવેલ જેથી પકડાયેલ ઈસમો તથા બીજા નહીં પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ આદીપુર પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમના નામ ખુલ્યા છે તે બાબુભાઈ બાળા રહે મંબઈ મહારાષ્ટ્ર અને રાજ દિપક ધનવાણી રાજ પાઉભાજી આદીપુર પકડવાના બાકી છે, પકડાયેલા બે આરોપીઓ પાસેથી અલગ અલગ બેક્ક ખાતાઓની કિટ નંગ ૪૪, કાર રૂ. ૨, ૫૦, ૦૦૦,મોબાઈલ ફોન- ૧ કી. રૂ. ૩૦, ૦૦૦ હસ્તગત કરવામાં આવ્યા હતા. આ કામગીરી સાયબર પોલીસ સ્ટેશન સરહદી રેન્જના સીની પો.ઈન્સ. એલ.પી.બોડાણાના માર્ગદર્શન હેઠળ પો.ઈન્સ. વાય કે.ગોહિલ તથા સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવી હતી.


**બને બાળકો સોમવારે બપોર પછી ઘેર થી નીકળી ગયા હતા : બાદમા સ્થાનીક લોકોએ શોધખોળ કરતા બન્ને બાળકોના મૃત્દેહ પાણીના ખાડામાંથી મળી આવ્યા હતા : અગ્રણીઓ મુન્દ્રા જનરલ હોસ્પિટલ પહોંચી આવ્યા હતા : નદીમાં થતી રેતી ચોરી અટકાવવા માંગ કરાઇ**

# મુન્દ્રાની ભૂખી નદીના ખાડામાં ડુબી જતા બે બાળકોના કરૂણ મોત !

મુન્દ્રા તા.૨૦

મુન્દ્રાના સુખપર વાસમાં રહેતા બે બાળકોના ડુબી જવાથી મોત થયા છે. મંગળવારે સવારે ગુમ થયેલા બન્ને બાળકોના મૃત્દેહ સુખપર વાસ ની પાછળ આવેલ ભૂખી નદીના પાણી ભરેલા ઊંડા ખાડામાંથી મળી આવ્યા હતા પ્રાથમીક તપાસમાં ડૂબી જતા બન્ને મ્રુત્યુ પામ્યા હોવાનુ સામે આવ્યુ હતુ. ઘટનાએ મુન્દ્રા પંથકમાં ભારે ચકચાર સર્જી હતી.બનાવની વધુ મળતી વિગતો આપતા આ વિસ્તારના અગ્રણીએ જણાવ્યુ હતુ. કે તારીક અનવર સોતા ઉંમર ૧૩ અને રઝાક ઈબ્રાહિમ જુણેજા ઉંમર ૧૧ સોમવારે બપોરે પોતાના ઘેર થી નીકળી ગયા હતા બાદમાં રાત્રિ સુધી પરત ન આવતા સુખપર વાસના લોકો અને પરિવારજનો એ બન્ને બાળકોની શોધખોળ હાથ ધરી હતી.સુખપર વાસ ના જ પટેલ સલીમભાઈ એ જણાવ્યું હતું કે આ બને બાળકો ગુમ થયા બાદ આ વિસ્તારના તમામ આગેવાનો અલગ-અલગ વિસ્તારો માં શોધવા નીકળ્યા હતા અને આજે વહેલી સવારે સુખપર વાસની પાછળ આવેલ ભૂખી નદીના વરસાદી પાણીથી ભરાયેલા ખાડામાં એક બાળકની તરતી લાશ મળી આવી હતી અને બીજા બાળક ને પાણી અંદરથી તરવૈયા એ શોધી બહાર કાઢ્યો હતો..જમાતના







પ્રમુખ એ જણાવ્યું હતું કે હતભાગી તારીક ૧૩વર્ષ નો હતો ધોરણ આઠ માં આભ્યાસ કરતો હતો અને મા બાપનો એક નો એક દીકરો હતો. જ્યારે બીજો હતભાગી રઝાક જુણેજા ૧૧વર્ષ નો હતો ધોરણ એક માં અભ્યાસ કરતો હતો શોધખોળ દરમ્યાન સુખપરવાસ ની પાછળ ડૂબેલા બાળકોના મૃત્દેહ અબ્દુલ સમેજા નામના યુવાનને મળી આવ્યા બાદ અગ્રણીઓને જાણ કરાતા મૃત્દેહ સરકારી હોસ્પિટલમાં લવાયા હતા જ્યા મોટી સંખ્યામાં આ વિસ્તારના લોકો એકઠા થયા હતા અને ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો.ઘટના બાદ આક્રોશ સાથે અગ્રણીએ જણાવ્યુ હતુ કે જે વરસાદી ખાડા માં બાળકો ડૂબ્યા છે ત્યાં રેતી ચોરીકરી મસ મોટા ખાડા ખોદવા માં આવ્યા છે જો આ વિસ્તાર માં રેતી ચોરી બંધ નહીં થાય તો અમો ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ કરીશુ બનાવ બાદ આ વિસ્તારના અગ્રણીઓ લાલુભા પરમાર અને રોશનભાઈ સહિતના લોકો હોસ્પિટલ પહોંચ્યા હતા અને પરિવારજનો ને સાંત્વના આપવા સાથે ઝડપી કાર્યવાહી માટે જહેમત ઉઠાવી હતી બનાવ સંદર્ભે મુન્દ્રા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.તાજેતરમાંજ વિવિધ વિસ્તારોમાં ડુબવાના બનાવો વધ્યા બાદ તંત્રએ પાણી ભરેલી જોખમી જગ્યાએ જવા પર પ્રતિબંધ મુકતુ જાહેરનામુ તો મુક્યુ છે પરંતુ લોકો આવા સ્થળે પહોંચે નહી તેની દેખરેખ માટે કોઇ વ્યવસ્થા નથી તો અન્ય વાલિઓ માટે પણ આ કિસ્સો ચિંતાજનક છે અને જયા આસપાસ પાણી હોય ત્યા બાળકો રમવા ન જાય તે માટે વાલીઓ પણ જાગૃત બને તે જરૂરી છે.

# કચ્છમાં ત્રણ દરોડોમાં ૧૬ જુગારીઓ ઝડપાયા

**મુન્દ્રા પોલીસે દેશલપરમાંથી પાંચ જુગારી ઝડપ્યા લાખોનો મુદ્દામાલ જપ્ત,અંતરજાળમાં આઠ ઘાણી પાસાના ખેલીઓ ઝડપાયા, જ્યારે આડેસર પોલીસે સણવા ગામે ત્રણ ખેલીઓને ઝડપ્યા**

ભુજ તા.૨૦

આદિપુર પોલીસે અંતરજાળ માંથી આઠ શખ્શોને ઘાણી પાસાનો જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. આદીપુર પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમા હતા ત્યારે મળેલ બાતમી આધારે રવેચીનગર અંતરજાળ માંથી ઘાણીપાસા વડે રૂપીયાની હાર જીતનો જુગાર રમતા આરોપીઓ વિનોદ ઉર્ફે વિનુ મફાભાઈ દેવીપુજક રહે. આદીપુર, ખીમજી કાંતીભાઈ દેવીપુજક રહે. અંતરજાળ, મુકેશ ટપુ દેવીપુજક રહે. અંતરજાળ, રમેશ કાનજી દેવીપુજક રહે દેવરીયા તા.અંજાર, ખીમજી કાંતી દેવીપુજક રહે.આદીપુર, સુરજ મોતીલાલ દેવીપુજક રહે.દબડા તા. અંજાર, પ્રવિણ ટપુ દેવીપુજક રહે. અંતરજાળ, શંકર અમથુ દેવીપુજક રહે.આદીપુર ને રોકડા રૂપિયા રૂા.૧૮,૩૨૦ અને ઘાણીપાસા નંગ.-૨ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી આદિપુર પો.સબ. ઈન્સ. બી.જી.ડાંગર સાથે આદીપુર પોલીસ સ્ટાફ દ્વારા કરાઈ હતી



રાપરના સણવા ગામમાં ખુલ્લા વાડામાં જુગાર રમતા ત્રણ ખેલીઓને આડેસર પોલીસે ઝડપી પાડ્યા હતા. આડેસર પો. સબ ઈન્સપેક્ટર વી. પી. આહીર તથા પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન મળેલ બાતમી આધારે, સણવા ગામથી નાગતર તરફ જતા રસ્તાની બાજુમાં આવેલ ખીમાભાઈ કોલીના મકાનની પાછળના ભાગે આવેલ ખુલ્લાં વાડામાં જુગાર રમતા ઈસમો મહેશ રામજી કોલી રહે.ફુલપરા, કાન્તી ભીખા મકવાણા રહે. સણવા, દયારામ લાખા કોલી રહે.ફુલપરા તા.રાપરને પકડી પાડી તેઓ વિરૂધ્ધ આડેસર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ તળે ગુનો રજીસ્ટર્ડ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પકડાયેલ આરોપી પાસેથી રોકડા રૂપિયા ૩૦,૬૦૦ મોબાઈલ ફોન નંગ-૦૨ રૂ.૧૦,૦૦૦ અને પતા કબ્જે કરવામાં આવ્યા હતા. આ કામગીરી પોલીસ સબ ઈન્સપેક્ટર વી.પી.આહીર તથા આડેસર પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

બાતમીના આધારે મુન્દ્રા પોલીસે દેશલપર માંથી રોકડ રૂપિયા ૧,૦૪,૫૦૦ સાથે પાંચ ઈસમોને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. મુંદરા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી મળેલ કે, દેશલપર ગામની પુર્વ સ્મશાનની પાસે ખુલ્લામાં બેસીને અમુક ઈસમો તીનપતીનો જુગાર રમી રહેલ છે,જે બાતમી આધારે વર્ક આઉટ કરી રેઈડ કરતા,ભીમસિંહ મેઘરાજજી ચાવડા રહે.નવીનાળ,ભીખુભા રાસુભા જાડેજા રહે.નવીનાળ,દેવરાજ પ્રેમજી મહેશ્વરી રહે.મોટી ભુજપુર, મનિષગીરી જેરામગીરી ગોસ્વામી રહે.માંડવી, અને લવેશ કમલેશ બંદ્રીમાલમ રહે.માંડવી ઝડપાઈ ગયા હતા, જ્યારે ગુલાબસિંહ જાડેજા રહે.મોટી ભુજપુર નાશી ગયા હતા. આરોપીઓ પાસેથી રોકડા રૂા.૧,૦૪,૫૦૦ તથા મોબાઈલ ફોન-૫ કિ.રૂા. ૨૧,૦૦૦ તથા ગંજીપાના એમ કુલ્લે રૂા.૧,૨૫,૫૦૦ મુદ્દામાલ કબ્જે કર્યો હતો આ કામગીરી પો.ઈન્સ. આર.જે. ઠુંમરની સુચનાથી એ.એસ.આઇ. દિનેશ ભટ્ટી, દેવરાજ ગઢવી, પો.હેડ.કોન્સ. વિજય બરબરસિયા, મહિપતસિંહ વાઘેલા,દિનેશ ગોહેલ, મથુરજી કુડેચા, રોહિત ગીરી ગુસાઈ કોન્સ. દિનેશ ઠાકોર, હર્ષદકુમાર રાઠોડ,આલાભાઈ ગઢવી દ્વારા કરાઈ હતી.

# શંકરસિંહ વાઘેલા અને અમિત શાહ વચ્ચે બંધ બારણે બેઠક યોજાઇ, નવાજૂની થવાના એંધાણ

ગાંધીનગર,તા.૨૦

ગુજરાતમાં રાજકારણના બે મોટા નેતાઓ વચ્ચે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે બેઠક યોજાઇ હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલ વચ્ચે બેઠક યોજાતા ગુજરાતના રાજકારણમાં કંઇક નવાજૂની થવાના એંધાણ જોવા મળી રહ્યા છે. ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલ પાથલ થવાની ચર્ચાએ રાજકીય વર્તુળમાં જોર પકડ્યું છે. જોકે શંકરસિંહ વાઘેલાએ ઔપચારિક બેઠક હોવાનું જણાવ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી રાજકારણ અને સમાચારો થી દૂર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ફરી એકવાર ચર્ચામાં આવી ગયા છે. આજે ગાંધીનગર ખાતે આવેલા સર્કિટ હાઉસમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને શંકર સિંહ વાઘેલા વચ્ચે મીટીંગ યોજાઇ હતી. આ મુલાકાત બાદ રાજકીય વર્તુળમાં ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલપાથલની ચર્ચાઓ થઇ રહ્યું છે. આ મુલાકાતને મોટા રાજકીય ફેરફારના સંકેત તરીકે જોવામાં આવી રહી છે. મુલાકાતને લઇને શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે આ માત્ર એક શિષ્ટાચાર મુકાલાત હતી, અમે સાથે મળીને ચા-પાણી કર્યા અને ઘણી વાતો કરી હતી. તેમણે જણાવ્યું હતું કે હું દીકરા મહેન્દ્રસિંહ વાઘેલાની રાજકીય કારકિર્દીની ચર્ચા કરવા ગયો હતો. જો કે આ બેઠક બાદ શંકરસિંહ વાઘેલાના પુત્ર ભાજપમાં જોડાઈ શકે છે તેવી ચર્ચાઓ પણ શરૂ થઇ ગઇ છે, પરંતુ આ અંગે કોઇ ચોક્કસ માહિતી મળી નથી.

# ખાવડા પંથકમાં ટ્રાન્સમીશન ટાવરના વીજ વાયર ચોરીમાં આખી ટોળકી પકડાઇ

**મુદ્દામાલ સાથે ૧૧ પૈકી ૧૦ આરોપીઓ પોલીસ પકડમાં**



ભુજ તા.૨૦

મોટા દિનારા તથા મોટા પૈયા ગામની સીમ વિસ્તારમાં ટ્રાન્સમીશન ટાવરના વીજ વાયરની ચોરીઓના વણઉકેલ્યા ગુનાઓ શોધી મુદ્દામાલ સાથે આરોપીઓને ખાવડા પોલીસે ઝડપી પાડ્યા છે.

હાલ વિશ્વના સૌથી મોટા સોલાર પ્લાન્ટનું કામ ખાવડા, આર. ઈ. પાર્કમાં ખાવડાથી અલગ અલગ જગ્યાએ ટ્રાન્સમીશન લાઈનમાં વીજતારો લગાડવાનું કામ ચાલુમાં છે જે ટ્રાન્સમીશન વાયરો ની ગઈ તા.૨૩/૦૫ તથા તા.૧૭/૦૭/૨૦૨૪ ના અલગ અલગ જગ્યાએથી ચોરીઓ થયેલ,જે અનુસંધાને ખાવડા પોલીસ સ્ટેશન મથકે ગુનો દાખલ થયેલ અને જે બંન્ને ગુના અન ડીટેક્ટ હતા, બંન્ને અન ડીટેક્ટ ગુના ડીટેક્ટ કરવા માટે ખાવડા પોલીસ સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હતા, દરમ્યાન હ્યુમન સોર્સીસ તથા ટેકનીકલ સોર્સીસ આધારે ખાનગી રાહે મળેલી બાતમી આધારે આરોપી,હાજી જીયા સમા (રહે.નાનાબાંધા, નવાવાસ) ગત તા.૧૬/૦૮ ના રાત્રીના કોઇ કોઇગ્નીઝેબલ ગુનો કરવાના ઈરાદે બહાર નીકળેલ જે શંકાસ્પદ હાલતમાં મળી આવતાં તેની વિરૂધ્ધ જી.પી. એક્ટ મુજબ કાર્યવાહી કરી તેની યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતાં ઉપરોક્ત ચોરી પોતે તથા તેની સાથેના ઈસમોએ કરી હોવાનું કબૂલી લીધું હતું જેથી તેને ગુના કામે અટક કરી ત્રણ દિવસના પોલીસ કસ્ટડી રીમાન્ડ મેળવી વર્ક આઉટ કરી અન્ય આરોપીઓની તપાસ હાથ ધરવામાં આવેલ, ત્યારે ચોક્કસ બાતમી મળેલ કે, પકડવાના બાકી આરોપીઓ બોલેરો પીકપ ગાડી લઈ વરનોરા ગામેથી અંતરીયાળ રસ્તેથી ખાવડા થઈ હાજી પીર તરફ જનાર છે, તેવી જાણકારી મળતા પોલીસ સ્ટાફના માણસો સાથે વોચમાં હતા,તે દરમ્યાન, અબુબકર ઉર્ફે અબુ યુસુફ ગગડા, હમજા ઉંમર અબડા, સુલતાન ઉર્ફે દઉ સુમાર મેર,ગની જખરા મોખા,સાહીલ ઈશા મોખા રહે. તમામ નાના વરનોરા, નિકળતા તેઓને રાઉન્ડઅપ કરી બોલેરો ગાડીસહીત પોલીસ સ્ટેશન લઈ આવેલ,સદર ગાડીમાં જોતાં ગાડીમાંથી વાયર કાપવાની આરી તથા કટર મળી આવેલ તેઓની પુછપરછ કરતાં પોતે બંન્ને ગુના આચરેલ અને પોતાની સાથે અગાઉ પકડાયેલ આરોપી સિવાય પણ નાના દિનારા ગામના અન્ય આરોપીઓ પણ આ ચોરી કરવામાં સામેલ હોવાની હકીકત જણાવતા તુરત જ એક ટીમ નાના દિનારા ગામે પકડવાના બાકી આરોપીની તપાસમાં મોકલી આપતા કબ્રસ્તાન પાસેથી મુસ્તાક અયુબ સમા, અનશ ઉર્ફે પાંચો અલી, સાધ અભુબકર સમાને પણ પકડી પાડવામાં આવ્યા હતા આરોપીઓએ ચોરી કરેલ મુદ્દામાલ ક્યાં કોને વેચેલ છે તે સબંધે પુછ પરછ કરતાં પકડાયેલ આરોપી પૈકી આરોપી અબુબકર એ ભુજ ખાતે ભંગારનો વાડો ચલાવતા ઈમરાન આમદ કુંભાર (રહે.ભુજ) ને વેચાણ આપેલ હોવાનું જણાવતા આરોપીને સાથે રાખી પંચનામું કરવામાં આવેલ જે દરમ્યાન આરોપીએ બતાવેલ ભંગારના વાડામાંથી કુલ ૬૩૦ કી.ગ્રા.વાયર કબ્જે કરવામાં આવેલ આ ચોરીનો મુદ્દામાલ રાખનાર આરોપી ઈમરાન આદમ કુંભાર મળી આવતાં તેની પણ આ ગુનાઓમાં અટક કરવામાં આવી હતી,અને પકડાયેલ તમામ આરોપીઓ વિરૂધ્ધ આગળની વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

આ ગુનામાં હજુ એક આરોપી અલાના સમા(રહે. નવાવાસ તા.ભુજ) પકડવાનો બાકી રહે છે. આરોપીઓ પાસેથી બોલેરો પીકપ ગાડી કિ.રૂ. ૩,૦૦,૦૦૦, વાયર કાપવાની આરી નંગ-૦૨, વાયર કાપવાનું કટર નંગ-૦૧, અને વાયર ૬૩૦ કી.ગ્રા જેની કિંમત દર્શાવાઈ નથી, હસ્તગત કરવામાં આવેલ છે. આ કામગીરી પો.સબઈન્સ એમ બી.ચાવડા, એ.એસ.આઈ મેઘરાજ ગઢવી,હેડ.કોન્સ ફલજી મુંજી, અનિરૂધ્ધસિંહ રાઠોડ, પ્રકાશ ચૌધરી, કોન્સ. પ્રદ્યુમનસિંહ વાઢેર, દશરથસિંહ રાઠોડ, રમેશ પ્રજાપતિ,ભરત આલ અને દિલીપસિંહ સોઢા દ્વારા કરવામાં આવી હતી.

## ભુજમાં વાડામાં આગ લાગતા દોડધામ



ભુજના સરપટ ગેટ નજીક સોમવારે લાગેલી એક આગને પગલે ફાયર વિભાગ દોડતુ થયુ હતુ. રાતે બે વાગ્યાની આસપાસ ભુજ ફાયર સ્ટેશનમાં પોલીસ કંટ્રોલ રૂમથી કોલ આવ્યો હતો અને સરપટ ગેટ પાસે આવેલા મામદ કુભારના ભંગારના વાડામાં કોઈ કારણોસર આગ લાગી હોવાની માહિતી અપાઈ હતી જે બાદ ભુજ ફાયર વિભાગે તાત્કાલિક ઘટના સ્થળે જઈ આગ બુઝાવવાની કામગીરી કરી હતી. આગ એટલી વિકરાળ બની હતી કે ૩૬૦૦૦ હજાર લિટર પાણી નો મારો ચલાવી આગને કાબૂમાં લેવામાં આવી હતી.આસપાસના લોકો મોટી સંખ્યામાં ત્યા દોડી આવ્યા હતા. જો કે સદનશીબે કોઇ જાનહાની થઇ ન હતી પંરતુ આગની ઘટનામાં ભંગારનો મોટો જથ્થો સળગી ગયો હતો ફાયર વિભાગના ભાવેશ માતંગ,જગદીશ દનિચા,મામદ જત,રમેશ ગાગલ, વાઘજી રબારી કરણ જોશી,સહિતનો સ્ટાફ કાર્યવાહીમાં જોડાયો હતો.